સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટેની

# વિવિધ સરકારી યોજનાઓ

(માહિતી પુસ્તિકા)

(ખાનગી વિતરણ માટે)

: સંકલન :

## જનવિકાસ

સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટેની

# વિવિધ સરકારી યોજનાઓ

(માહિતી પુસ્તિકા)

(ખાનગી વિતરણ માટે)

: સંકલન :

**જનવિકાસ**

***સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટેની વિવિધ સરકારી યોજનાઓ***

(માહિતી પુસ્તિકા)

ખાનગી વિતરણ માટે


વર્ષ: ૨૦૧૫

પ્રત: ૧૦૦૦

સંકલન સંસ્થા:



જનવિકાસ,
સી–૧૦૫, રોયલ ચિન્મય ટાવર,
ન્યુ આઈ.ઓ.સી. પેટ્રોલ પંપ સામે,
પ્લેટીનમ પ્લાઝાની બાજુમાં,
બોડકદેવ, અમદાવાદ – ૩૮૦૦૫૪
ફોન નંબર : ૦૭૯ ૪૦૧૭૬૫૦૦, ૪૦૧૭૬૫૦૧



સ્વૈચ્છિક ફાળો:–

રૂા. ૧૦/–



સંકલન:

જિતેન્દ્ર રાઠોડ



સંદર્ભ :

પ્રવૃત્તિની રૂપરેખા ૨૦૧૫-૧૬ - ગુજરાત સરકાર

ડિઝાઈન એન્ડ પ્રિન્ટીંગ :

સત્યમ્ પ્રિન્ટ - અમદાવાદ
મો. : ૯૮૨૪૬ ૮૩૭૦૬

# આમુખ

આપણા દેશમાં ગરીબ અને વંચિત સમુદાયોના વ્યક્તિગત અને સામુદાયિક વિકાસ તેમજ કલ્યાણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર વિવિધ નીતિઓ અને કાયદાઓ હેઠળ નાણાની ફાળવણી કરવા બંધાયેલી છે. પરંતુ, આજ દિન સુધી રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર યોગ્ય રીતે નાણાની ફાળવણી કરતી નથી. જે યોજનાઓ હેઠળ નાણાની ફાળવણી થાય છે તે જરૂરિયાતમંદ સુધી પહોંચતા નથી અને લોકો તેમના વિકાસ માટેની યોજનાઓથી અજાણ હોય છે. પરિણામે, ગરીબોના વિકાસ માટેના નાણા અન્ય કામોમાં ખર્ચી નાંખવામાં આવે છે અથવા તેમાં ભ્રષ્ટાચાર થાય છે.

ગરીબ અને વંચિત સમુદાયો (દલિત, આદિવાસી, સામાજિક અને આર્થિક પછાત વર્ગ, લઘુમતી, મહિલાઓ, બાળકો, વિકલાંગ વગેરે)ના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર વિવિધ વિભાગો હેઠળ નાણાની ફાળવણી કરે છે. વિવિધ સમુદાયોના વ્યક્તિગત અને સામુદાયિક વિકાસ માટેની મહત્ત્વની યોજનાઓ અંગેની માહિતી આ પુસ્તિકામાં રજુ કરવામાં આવી છે. સાથે સાથે યોજનાઓનો લાભ મેળવવા માટે જરૂરી પુરાવાઓ અને તે કેવી રીતે મેળવવા, સામુદાયિક યોજનાઓનો લાભ કેવી રીતે મેળવવો, માહિતી મેળવવાનો અધિકાર અને તેનો યોજનાઓનો લાભ મેળવવા અસરકારક રીતે ઉપયોગ કેવી રીતે કરવો વગેરેનો પણ આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

જનવિકાસ ગુજરાતમાં ઘણા લોક સંગઠનો અને સામુદાયિક આગેવાનો સાથે રહીને વંચિત સમુદાયોના અધિકારો માટે કાર્યરત છે. આ વર્ષથી જનવિકાસે શહેરી ગરીબોના અધિકારો માટે અલગ કાર્યક્રમ ચાલુ કર્યો છે. આ કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારમાં સભાસદ આધારિત લોક સંગઠનો ઉભા કરવામાં આવે છે અને તે સંગઠન લોકો માટે વિસ્તારમાં અધિકાર પ્રાપ્તિ કેન્દ્ર ચલાવે છે. આ અધિકાર પ્રાપ્તિ કેન્દ્રમાં લોકોને વિવિધ સરકારી યોજનાઓની માહિતી અને તેનો લાભ મેળવવા પૂરો સહયોગ આપવામાં આવે છે. આમ, આ કામ માટે આ પ્રકારની માહિતી જરૂરી હોય, જનવિકાસ દ્વારા આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે.

આ પુસ્તિકાનો ઉપયોગ સંસ્થાઓ, સંગઠનો, કર્મશીલો અને સમુદાયના આગેવાનો કરી શકે અને લોકો તેમના વિકાસ માટેની યોજનાઓનો લાભ મેળવી શકે તે હેતુ છે. આશા રાખીએ છીએ કે આ પુસ્તિકાનો ઉપયોગ વ્યાપક થાય અને વંચિત સમુદાયોનો વ્યક્તિગત અને સામુદાયિક વિકાસ થાય. વંચિત સમુદાયોના વિકાસ માટે યોગ્ય યોજનાઓ બને અને તેનું યોગ્ય અમલીકરણ થાય તે માટે આપણે સૌ લોક પેરવી કરીએ.

**વિજય પરમાર** **જીતેન્દ્ર રાઠોડ**

# અનુક્રમણિકા


| ક્રમ | યોજનાનું નામ | પાના નંબર |
|---|---|---|
| | **અનુસૂચિત જાતિઓ માટેની શૈક્ષણિક યોજનાઓ** | |
| ૧. | પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | ૧ |
| ૨. | ખાનગી શાળામાં ભણવા માટે સહાય | ૧ |
| ૩. | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ માતા-પિતાના બાળકોને પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | ૨ |
| ૪. | પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ | ૨ |
| ૫. | આવક મર્યાદા બહારની વિદ્યાર્થીનીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ | ૩ |
| ૬. | સરસ્વતી સાધના યોજના | ૪ |
| ૭. | બુક બેંક | ૪ |
| ૮. | ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિક્ષણ ફી | ૪ |
| ૯. | ધો-૧૧ અને ૧૨માં (વિજ્ઞાન પ્રવાહ સિવાય) અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ખાનગી શિક્ષણ માટે સહાય | ૪ |
| ૧૦. | વિદ્યાર્થીઓને ભોજનબીલમાં સહાય | ૫ |
| ૧૧. | એમ.ફીલ. તથા પી.એચ.ડી. માટે ફેલોશીપ | ૫ |
| ૧૨. | અભ્યાસના સાધનો ખરીદવા માટે સહાય | ૫ |
| ૧૩. | આઈ.ટી.આઈ. અને ધંધાકીય તાલીમ માટે સહાય | ૬ |
| ૧૪. | પાયલોટ તાલીમ માટે લોન | ૬ |
| ૧૫. | ગણવેશ સહાય | ૭ |
| ૧૬. | અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ | ૭ |
| ૧૭. | સરકારી છાત્રાલયો | ૭ |
| ૧૮. | ગ્રાન્ટ ઈન એઈડના છાત્રાલયો | ૭ |
| ૧૯. | વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન | ૮ |
| ૨૦. | તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ | ૮ |
| ૨૧. | ડો.બાબા સાહેબ એવોર્ડ | ૮ |
| ૨૨. | મહાત્મા ગાંધી એવોર્ડ | ૯ |
| ૨૩. | સંત શ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ | ૯ |
| ૨૪. | યુ.પી.એસ.સી.ની તૈયારી માટે સહાય | ૯ |
| ૨૫. | દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડ | ૯ |
| ૨૬. | મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ | ૧૦ |
| ૨૭. | સાવિત્રીબાઈ ફુલે દલિત મહિલા કલા સાહિત્ય એવોર્ડ | ૧૦ |

| ક્રમ | યોજનાનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૨૮. | દલિત સાહિત્ય ક્ષેત્રે પ્રકાશન સહાય | ૧૦ |
| ૨૯. | આદર્શ નિવાસી શાળાઓ | ૧૦ |
| ૩૦. | આશ્રમ શાળા | ૧૧ |
| ૩૧. | શૈક્ષણિક લોન | ૧૧ |
| ૩૨. | સફાઈ કામદાર માતા-પિતાના બાળકોને શૈક્ષણિક લોન | ૧૧ |
| | **અનુસૂચિત જાતિઓ માટેની આર્થિક ઉત્કર્ષની યોજનાઓ** | |
| ૩૩. | માનવ ગરિમા | ૧૨ |
| ૩૪. | વકીલોને નાણાંકીય સહાય યોજના | ૧૨ |
| ૩૫. | કાયદાના સ્નાતકોને અનુભવી વકીલ જોડે તાલીમ મેળવવા સહાય | ૧૨ |
| ૩૬. | તબીબી સ્નાતકોને સહાય | ૧૩ |
| ૩૭. | મહિલાઓ માટે સિવણ વર્ગો અને સહાય | ૧૩ |
| ૩૮. | પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો અને સંલગ્ન વ્યવસાય માટે સહાય | ૧૩ |
| ૩૯. | એર હોસ્ટેસ, ટ્રાવેલ અને હોસ્પિટાલીટી મેનેજમેન્ટના અભ્યાસ માટે સહાય | ૧૪ |
| ૪૦. | એન.એસ.એફ.ડી.સી. યોજના | ૧૪ |
| ૪૧. | ડીલરશીપ નાણાંકીય સહાય યોજના | ૧૫ |
| ૪૨. | બેંકેબલ યોજના | ૧૫ |
| ૪૩. | રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમની સીધા ધિરાણ યોજના હેઠળ મુદતી લોન | ૧૫ |
| ૪૪. | સીધા ધિરાણ યોજના હેઠળ મુદતી લોન | ૧૬ |
| ૪૫. | બ્રીજ લોન (સેતુ લોન) | ૧૬ |
| ૪૬. | સુક્ષ્મ ધિરાણ (માઈક્રો ક્રેડિટ ફાયનાન્સ) | ૧૬ |
| ૪૭. | સેનેટરી માર્ટ યોજના | ૧૭ |
| | **અનુસૂચિત જાતિઓ માટેની આરોગ્ય, આવાસ નિર્માણ અને અન્ય યોજનાઓ** | |
| ૪૮. | મફત તબીબી સહાય | ૧૮ |
| ૪૯. | ડો.આંબેડકર આવાસ યોજના | ૧૮ |
| ૫૦. | ડો. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન | ૧૮ |
| ૫૧. | કુંવરબાઈના મામેરા માટે નાણાંકીય સહાય | ૧૯ |
| ૫૨. | માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્નની યોજના | ૧૯ |
| ૫૩. | અતિ પછાત જાતિઓ માટે આવાસની યોજના | ૧૯ |
| ૫૪. | સફાઈ કર્મચારીઓની જૂથ વિમા યોજના | ૧૯ |

| ક્રમ | યોજનાનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૫૫. | અત્યાચારના બનાવોમાં સહાય | ૨૦ |
| ૫૬. | ગટર કામદારોના મૃત્યુના કેસોમાં સહાય | ૨૦ |
| ૫૭. | મરણોત્તર સહાય | ૨૦ |
| ૫૮. | માનવમળ ઉપાડનારના પુનઃ સ્થાપનની યોજના | ૨૧ |
| | **વિકસતી જાતિ માટેની શૈક્ષણિક યોજનાઓ** | |
| ૫૯. | પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | ૨૧ |
| ૬૦. | કન્યાઓને પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | ૨૧ |
| ૬૧. | અતિ પછાત જાતિના ધો-૧થી ૧૦માં ભણતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૨૧ |
| ૬૨. | મફત ગણવેશ યોજના | ૨૨ |
| ૬૩. | બુક બેન્ક | ૨૩ |
| ૬૪. | પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ | ૨૩ |
| ૬૫. | મેડીકલ અને એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને ભોજનબીલ | ૨૩ |
| ૬૬. | ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ | ૨૪ |
| ૬૭. | સરકારી છાત્રાલયો | ૨૪ |
| ૬૮. | આશ્રમ શાળાઓ | ૨૪ |
| ૬૯. | નિવાસી શાળાઓ | ૨૫ |
| ૭૦. | ઈનામી યોજના (ધો-૧૦ અને ૧૨ માટે) | ૨૫ |
| ૭૧. | ધો-૯ની કન્યાઓને સાયકલ | ૨૫ |
| ૭૨. | વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન | ૨૬ |
| ૭૩. | કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે લોન | ૨૬ |
| ૭૪. | આઈ.એ.એસ., આઈ.પી.એસ.ની તાલીમ માટે સહાય | ૨૬ |
| ૭૫. | વિચરતી – વિમુકત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી કોલેજોમાં ભણવાં સહાય | ૨૬ |
| ૭૬. | સ્વામી વિવેકાનંદ યોજના (તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે) | ૨૭ |
| ૭૭. | એમ.ફીલ. અને પી.એચ.ડી.ના અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ | ૨૭ |
| ૭૮. | એર હોસ્ટેસ / હોસ્પિટાલીટીની તાલીમ | ૨૭ |
| | **વિકસતી જાતિ માટેની આર્થિક ઉત્કર્ષ યોજનાઓ** | |
| ૭૯. | કુટીર ઉદ્યોગો, સ્વરોજગારી, વાંસકામ માટે સહાય | ૨૭ |
| ૮૦. | સ્વરોજગાર માટે માનવ ગરિમા યોજના | ૨૮ |
| ૮૧. | કલાકારોને કળા કૌશલ્યના સાધનો ખરીદવા નાણાંકીય સહાય | ૨૮ |

| ક્રમ | યોજનાનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૮૨. | લેખકો / કવિઓને સાહિત્ય પ્રકાશન માટે નાણાંકીય સહાય | ૨૮ |
| ૮૩. | કાયદા અને તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય | ૨૯ |
| ૮૪. | મહિલા સિવણ વર્ગો | ૨૯ |
| ૮૫. | વ્યવસાયકારોને ધંધાનું સ્થળ-દુકાન ખરીદવા નાણાંકીય સહાય | ૨૯ |
| ૮૬. | પુ.રવિશંકર મહારાજ એવોર્ડ | ૩૦ |
| ૮૭. | નાલંદા એવોર્ડ | ૩૦ |
| ૮૮. | મફત તબીબી સહાય | ૩૦ |
| ૮૯. | પંડિત દિન દયાલ ઉપાધ્યાય આવાસ યોજના | ૩૦ |
| ૯૦. | સમાજ શિક્ષણ શિબિર | ૩૧ |
| ૯૧. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ખાસ યોજના | ૩૧ |
| ૯૨. | કુંવરબાઈનું મામેરૂં યોજના | ૩૧ |
| ૯૩. | સાત ફેરા સમૂહ લગ્ન | ૩૧ |
| | **વિકલાંગ વ્યક્તિઓ માટેની યોજનાઓ** | |
| ૯૪. | વિકલાંગ ઓળખ કાર્ડ આપવાની યોજના | ૩૨ |
| ૯૫. | સાધન સહાયની યોજના | ૩૨ |
| ૯૬. | વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૩૩ |
| ૯૭. | એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવાની યોજના | ૩૪ |
| ૯૮. | આર્થિક સહાયની યોજનાઓ | ૩૪ |
| ૯૯. | ઈન્દીરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ | ૩૫ |
| ૧૦૦. | ઉચ્ચ શિક્ષણ સહાય યોજના | ૩૬ |
| ૧૦૧ | વિકલાંગ વિધવા બહેનોને મકાન બાંધકામ સહાય | ૩૬ |
| ૧૦૨ | પોલિયોના દર્દી માટે શસ્ત્રક્રિયા માટે સહાય | ૩૭ |
| ૧૦૩ | વિકલાંગોના કલ્યાણ માટે પ્રવૃત્તિ કરનાર સંસ્થા / વ્યક્તિને રાજ્ય પારિતોષિક | ૩૭ |
| ૧૦૪ | રાષ્ટ્રીય વિકલાંગ નાણાંકીય નિગમ દ્વારા લોન | ૩૭ |
| ૧૦૫ | બાળ સંરક્ષણ ગ્રૃહ | ૩૮ |
| ૧૦૬ | ચિલ્ડ્રન હોમ | ૩૮ |
| ૧૦૭ | ઉચ્ચ અભ્યાસ માટે બાળકોને શિષ્યવૃત્તિ | ૩૮ |
| ૧૦૮ | ઉછેર / દત્તકની કાર્યવાહી | ૩૯ |
| ૧૦૯ | બાળ માર્ગદર્શન કેન્દ્રો અને બાળ ગુનેગાર નિવારણ કેન્દ્રો | ૩૯ |

| ક્રમ | યોજનાનું નામ | પાના નંબર |
|---|---|---|
| | **ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમની અલ્પ સંખ્યકો માટેની યોજનાઓ** | |
| ૧૧૦ | ઉચ્ચ શિક્ષણ ધિરાણ યોજના | ૩૯ |
| ૧૧૧ | મુદતી લોન યોજના | ૪૦ |
| ૧૧૨ | માર્જીન મની લોન યોજના | ૪૦ |
| ૧૧૩ | માઈક્રો ધિરાણ યોજના | ૪૦ |
| | **ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની આર્થિક ઉત્કર્ષની યોજનાઓ** | |
| ૧૧૪ | મુદતી લોન | ૪૧ |
| ૧૧૫ | મહિલાઓ માટે ન્યુ સ્વર્ણિમ યોજના | ૪૧ |
| ૧૧૬ | માઈક્રો ફાયનાન્સ યોજના | ૪૨ |
| ૧૧૭ | મહિલા સમૃદ્ધિ યોજના | ૪૨ |
| ૧૧૮ | સ્વયંમ સક્ષમ યોજના | ૪૨ |
| ૧૧૯ | કૃષિ સંપદા યોજના | ૪૩ |
| ૧૨૦ | પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ | ૪૩ |
| ૧૨૧ | પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ | ૪૪ |
| ૧૨૨ | મેરીટ કમ મીન્સ | ૪૫ |
| ૧૨૩ | મૌલાના આઝાદ શિષ્યવૃત્તિ | ૪૭ |
| | **અન્ય યોજનાઓ** | |
| ૧૨૪ | નિરાધાર વિધવા મહિલાઓને પુનઃસ્થાપના માટે આર્થિક સહાય યોજના (વિધવા સહાય) | ૪૭ |
| ૧૨૫ | ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્શન યોજના | ૪૮ |
| ૧૨૬ | પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના | ૪૯ |
| ૧૨૭ | પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના | ૪૯ |
| ૧૨૮ | અટલ પેન્શન યોજના | ૪૯ |
| ૧૨૯ | બારકોડેડ રેશનકાર્ડ | ૫૦ |
| ૧૩૦ | અન્નપૂર્ણા યોજના | ૫૦ |
| ૧૩૧ | અન્નમ બ્રહમ યોજના | ૫૧ |
| ૧૩૨ | અંત્યોદય અન્ન યોજના | ૫૧ |
| ૧૩૩ | જનની સુરક્ષા યોજના | ૫૧ |
| ૧૩૪ | જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ | ૫૨ |

| ક્રમ | યોજનાનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૧૩૫ | ખિલખિલાટ | ૫૨ |
| ૧૩૬ | સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ | ૫૨ |
| ૧૩૭ | મમતા દિવસ | ૫૨ |
| ૧૩૮ | કસ્તુરબા પોષણ સહાય યોજના | ૫૩ |
| ૧૩૯ | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના | ૫૩ |
| ૧૪૦ | મુખ્યમંત્રી અમૃત્‌મ ’મા’ યોજના | ૫૪ |
| ૧૪૧ | ગુજરાત કેન્સર અને રીસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ (કેન્સર હોસ્પિટલ, અમદાવાદ) | ૫૪ |
| ૧૪૨ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીઓલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ | ૫૫ |
| ૧૪૩ | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીસ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ | ૫૫ |
| ૧૪૪ | સરદાર આવાસ યોજના | ૫૬ |
| ૧૪૫ | ઈન્દિરા આવાસ | ૫૬ |
| ૧૪૬ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) | ૫૬ |
| ૧૪૭ | સંકલિત બાળ વિકાસ યોજના (આંગણવાડી) | ૫૭ |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| **અનુસૂચિત જાતિઓ માટેની શૈક્ષણિક યોજનાઓ** | | | |
| ૧. | પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | • અનુસૂચિત જાતિના ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટેની આ યોજના છે. સરકારી શાળાઓમાં ૩૮% કે તેથી વધુ ગુણ અને ખાનગી શાળાઓમાં ૪૫% કે તેથી વધુ ગુણની આવશ્યકતા છે.<br>• સહાયનું ધોરણ (સરકારી અને ખાનગી શાળાઓ)<br>ધોરણ — વાર્ષિક<br>૧ થી ૮ — રૂા. ૨૫૦/-<br>૯ થી ૧૦ — રૂા. ૪૦૦/-<br>• કોઈ આવક મર્યાદા નથી. | જે-તે શાળા, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૨. | ખાનગી શાળામાં ભણવા માટે સહાય | • સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે.<br>• સરકાર દ્વારા પસંદ કરેલી શાળાઓ પૈકી કોઈ એક શાળામાં ધો-૯માં પ્રવેશ મેળવનાર ૧૦ અને ધોરણ ૧૧માં પ્રવેશનાર ૧૦ વિદ્યાર્થીઓને રૂા. ૫૦,૦૦૦/- અથવા ખરેખર ખર્ચની રકમ બેમાંથી જે ઓછી હોય તેટલી સહાય આપવામાં આવે છે. જેમાં પ્રવેશ ફી, જમવાનો ખર્ચ, પુસ્તકો, ગણવેશ વિગેરેનો સમાવેશ થાય છે. સૈનિક સ્કુલ, બાલાચડીમાં ધો-૬ અથવા ધો-૧૧માં દાખલ થતા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે.<br>• આ યોજના હેઠળ દર વર્ષે ધો-૯ અને ધો-૧૧માં દાખલ થતા વિદ્યાર્થીઓને એક જ વાર સહાય મળવાપાત્ર થશે.<br>• સૈનિક સ્કુલ બાલાચડીમાં ધો-૬ અથવા ધો-૧૧માં દાખલ થતા વિદ્યાર્થીઓને એક જ વાર સહાય આપવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |

<table>
<tr><th>ક્રમ</th><th>યોજનાનું નામ</th><th>યોજનાની વિગત</th><th>અમલીકરણ કરતી સંસ્થા</th></tr>
<tr><td></td><td></td><td>● જે-તે વર્ષે ગુજરાતની જે શાળાઓના વિદ્યાર્થીઓએ ધો-૧૦ અને ધો-૧૨માં ત્રણથી વધુવાર રાજયના પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું હશે તેવી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળશે.<br>● વિદ્યાર્થીની કૌટુંબિક આવક ગરીબી રેખા માટે નક્કી થયેલ આવકના દસ ગણાં કરતાં વધુ હોવી જોઈએ નહીં.</td><td></td></tr>
<tr><td>૩.</td><td>અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ માતા-પિતાના બાળકોને પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ</td><td>● અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના ધો-૧થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નીચે જણાવેલ દર પ્રમાણે શિષ્યવૃત્તિ ૧૦ માસ માટે આપવામાં આવે છે:
<table>
<tr><td>ડેસ્કોલર</td><td>ધો-૧થી૧૦</td><td>રૂા. ૧૧૦/- માસિક</td></tr>
<tr><td>હોસ્ટેલર</td><td>ધો-૩થી ૧૦</td><td>રૂા. ૭૦૦/- માસિક</td></tr>
<tr><td colspan="2">એડહોક ગ્રાન્ટ (હોસ્ટેલર)</td><td>રૂા. ૧૦૦૦/- વાર્ષિક</td></tr>
<tr><td colspan="2">એડહોક ગ્રાન્ટ (ડેસ્કોલર)</td><td>રૂા. ૭૫૦/- વાર્ષિક</td></tr>
</table>
● કોઈ આવક મર્યાદા નથી.<br>● ડિસેમ્બર ૧૯૯૫ પછી જન્મેલા ત્રીજા બાળકને લાભ મળવાપાત્ર નથી.<br>● જે-તે બાળકના વાલી અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ હોય તેને મળવાપાત્ર છે.</td><td>જે-તે શાળા, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી</td></tr>
<tr><td>૪.</td><td>પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ</td><td>● અનુસૂચિત જાતિના તમામ લાયક વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ પછીના જુદાજુદા અભ્યાસક્રમોમાં ગ્રૃપવાઈઝ નીચે મુજબ શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે:
<table>
<tr><th>ગ્રૃપ</th><th>હોસ્ટેલર</th><th>ડેસ્કોલર</th></tr>
<tr><td>ડીગ્રી અને પોસ્ટ ગ્રેજયુએશન અભ્યાસક્રમો, મેડીકલ, એન્જિનિયરીંગ વિગેરે</td><td>૧૨૦૦</td><td>૫૫૦</td></tr>
</table></td><td>જે-તે શાળા, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી</td></tr>
</table>

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | | | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|---|---|
| | | પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમો (એમ.ફીલ., પી.એચ.ડી., વિગેરે) | ૮૨૦ | ૫૩૦ | |
| | | ગ્રૂપ ૧ અને ૨માં સમાવેશ ન થયો હોય તે તમામ ગ્રેજ્યુએટ અને પછીના અભ્યાસક્રમો | ૫૭૦ | ૩૦૦ | |
| | | તમામ પોસ્ટમેટ્રિક અભ્યાસક્રમો ધોરણ-૧૧ અને ૧૨, આઈ.ટી.આઈ., વોકેશનલ અભ્યાસક્રમો | ૩૮૦ | ૨૩૦ | |
| | | • કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨.૫ લાખ છે.<br>• તમામ લાયક વિદ્યાર્થીઓને ઉપર મુજબની શિષ્યવૃત્તિ અને તમામ નોન રીફંડેબલ ફી ચૂકવવામાં આવે છે.<br>• સ્વનિર્ભર સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પણ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. જયારે શિક્ષણ ફી રાજય સરકાર દ્વારા નિમણૂંક સમિતિએ નક્કી કર્યા મુજબના દરે મળવાપાત્ર છે. | | | |
| ૫. | આવક મર્યાદા બહારની વિદ્યાર્થીનીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ | • આર્થિક માપદંડ, નોકરી અને કુટુંબના કારણે પાત્ર ન હોય તેવી વિદ્યાર્થીનીઓને એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે રાજય સરકાર શિષ્યવૃત્તિ આપે છે.<br>• આ માટે કોઈ આવક મર્યાદા નથી.<br>• કેન્દ્રની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના ધોરણે લાભ આપવામાં આવે છે. | | | જે-તે શાળા, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૬. | સરસ્વતી સાધના યોજના | ● સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિની ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને પોતાના રહેઠાણના અંતરને ધ્યાને લીધા સિવાય સાયકલ ભેટ આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- રાખવામાં આવેલ છે. | જે-તે શાળા, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૭. | બુક બેંક | ● મેડીકલ, એન્જિનિયરીંગ, વેટરનરી, એગ્રીકલ્ચર, પોલિટેકનિક, એલ.એલ.બી./એલ.એલ.એમ./ એમ.સી.એ./એમ.બી.એ. અને બાયો સાયન્સના વિદ્યાર્થીઓને પુસ્તકો પૂરા પાડવામાં આવે છે.<br>● આ બુક બેંકનો લાભ લેવા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની આવક મર્યાદાના ધોરણો લાગુ પડશે.<br>● પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ ૧ પુસ્તક સેટ મળવાપાત્ર છે.<br>● રાજયના દરેક જિલ્લામાં બુક બેંક છે. | જે-તે જિલ્લાની બુક બેંક, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૮. | ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિક્ષણ ફી | ● ધોરણ ૧૦ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને ૭૦%થી વધુ ગુણ સાથે પાસ કરી ધો-૧૧માં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકીના સહાય મેળવવા પાત્ર રાજયના પ્રથમ ૨૫૦ વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે ધો-૧૧માં રૂા. ૧૫,૦૦૦/- અને ધો-૧૨માં રૂા. ૧૫,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.<br>● વાર્ષિક રૂા. ૧,૫૦,૦૦૦/-ની કૌટુંબિક આવક ધરાવતા વિદ્યાર્થીઓને સહાય મળવાપાત્ર છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૯. | ધો-૧૧ અને ૧૨માં (વિજ્ઞાન પ્રવાહ સિવાય) અભ્યાસ કરતાં | ● ધોરણ-૧૦માં ૭૦%થી વધુ ગુણ મેળવેલા હોવાં જોઈએ.<br>● આ યોજના હેઠળ સમગ્ર ગુજરાતમાંથી પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય મળવાપાત્ર છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| | વિદ્યાર્થીઓને ખાનગી શિક્ષણ માટે સહાય | ● કૌટુંબિક આવક રૂા. ૬૦,૦૦૦/-થી વધવી જોઈએ નહીં.<br>● ધોરણ-૧૧માં ખરેખર ખર્ચની મર્યાદામાં વાર્ષિક રૂા. ૮,૦૦૦/- અને ધોરણ-૧૨માં ખરેખર ખર્ચની મર્યાદામાં રૂા. ૪,૦૦૦/- વાર્ષિક સહાય આપવામાં આવે છે. | |
| ૧૦. | વિદ્યાર્થીઓને ભોજનબીલમાં સહાય | ● કોલેજ સંલગ્ન છાત્રાલયો અને કોલેજ માન્ય છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ભોજનબીલ સહાય રૂા.૧,૦૦૦/- (માસિક) ૧૦ માસ સુધી આપવામાં આવે છે.<br>● આવક મર્યાદા રૂા. ૨,૫૦,૦૦૦/-ની છે. | કોલેજ, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૧૧. | એમ.ફીલ. તથા પી.એચ.ડી. માટે ફેલોશીપ | ● એમ.ફીલ. / પી.એચ.ડી.નો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નિબંધ લખવા માટે એમ.ફીલ. માટે માસિક રૂા. ૨,૫૦૦/- અને પી.એચ.ડી. માટે રૂા.૩,૦૦૦/- સહાય આપવામાં આવે છે.<br>● ભારત સરકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવનાર વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળી શકશે.<br>● કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨ લાખ છે. | કોલેજ, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૧૨. | અભ્યાસના સાધનો ખરીદવા માટે સહાય | ● તબીબી, ડિપ્લોમા અને ઈજનેરી ડીગ્રી / ડીપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધનો ખરીદવા માટે મેડીકલમાં રૂા. ૧૦,૦૦૦/- અનો એન્જીનીયરીંગમાં રૂા. ૫,૦૦૦/- અને ડીપ્લોમાંના વિદ્યાર્થીઓને રૂા. ૩,૦૦૦/- સહાય આપવામાં આવે છે.<br>● કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૪૪,૫૦૦/- છે. | કોલેજ, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૩. | આઈ.ટી.આઈ. અને ધંધાકીય તાલીમ માટે સહાય | ● અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આઈ.ટી.આઈ. અને ધંધાકીય તેમજ તાંત્રિક અભ્યાસ માટે સહાય આપવામાં આવે છે.<br>● આ યોજનાનો હેતુ વિદ્યાર્થીઓ ટેકનિકલ શિક્ષણ મેળવી કૌશલ્ય પ્રાપ્ત કરે તે છે.<br>● લાયક વિદ્યાર્થીઓને રૂા.૪૦૦ માસિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-છે. | આઈ.ટી.આઈ. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૧૪. | પાયલોટ તાલીમ માટે લોન | ● આ યોજનાનો હેતુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પાયલોટની તાલીમ આપી તૈયાર કરવાનો છે.<br>● આ યોજનાની સહાય લેવા મેટ્રિકયુલેશન અથવા તેથી વધુ પાસ જરૂરી છે.<br>● રૂા. ૨૫ લાખની લોન ૪%ના વ્યાજના દરે આપવામાં આવે છે.<br>● આવક મર્યાદા નથી.<br>● શરતોઃ<br>■ લોનની ચૂકવણી થયાની તારીખથી ૧ વર્ષ પછી લોન વસૂલાત કરવામાં આવે છે.<br>■ માસિક સરખા હપ્તામાં લાભાર્થી ઈચ્છે તો ત્રિમાસિક હપ્તામાં આગોતરા જાણ કરીને ૧૦ વર્ષમાં જ લોન ભરપાઈ કરવાની રહેશે.<br>■ લોનની મૂળ રકમ ભરપાઈ થયા બાદ વ્યાજ પણ આ જ પ્રમાણે ચૂકવવાનું રહેશે.<br>■ લોન નિયમિત ભરપાઈ કરવામાં કસુર થશે તો ૨.૫% લેખે દંડનીય વ્યાજ લેવામાં આવશે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૫. | ગણવેશ સહાય | ● ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂા. ૩૦૦ની મર્યાદામાં ગણવેશ સહાય આપવામાં આવે છે.<br>● કુટુંબની વાર્ષિક આવકની મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- છે. | જે-તે શાળા, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૧૬. | અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ | ● અનુસૂચિત જાતિમાં અતિ પછાત એવી વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ જેવી ૧૨ જ્ઞાતિના ૧થી ૮માં અભ્યાસ કરતાં બાળકોને વાર્ષિક રૂા. ૭૫૦/- અને ધોરણ-૯થી ૧૦માં રૂા. ૧,૦૦૦/- ખાસ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>● કોઈ આવક મર્યાદા નથી.<br>● ૭૦% હાજરીની આવશ્યકતા છે. | જે-તે શાળા, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૧૭. | સરકારી છાત્રાલયો | ● કોલેજ કક્ષાના શિક્ષણ માટે રાજયમાં સમાજ કલ્યાણ ખાતા દ્વારા ૭૩ છાત્રાલયો ચલાવવામાં આવે છે.<br>● કુમાર છાત્રાલયોમાં પ્રવેશ માટે વાર્ષિક રૂા. ૧ લાખનું આવક ધોરણ છે.<br>● કન્યા છાત્રાલયોમાં પ્રવેશ માટે આવક મર્યાદા નથી.<br>● છાત્રાલયમાં પ્રવેશ માટે સ્નાતક કક્ષાએ ૫૦% કે તેથી વધુ ગુણ હોવાં જરૂરી છે.<br>● આ છાત્રાલયોમાં મફત જમવાની અને રહેવાની સગવડ આપવામાં આવે છે. | છાત્રાલય, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૧૮. | ગ્રાન્ટ ઈન એઈડના છાત્રાલયો | ● અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા મારફતે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગુજરાતમાં ૫૮૨ ગ્રાન્ટ ઈન એઈડના છાત્રાલયો ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને માસિક રૂા. ૧,૦૦૦/- લેખે ભોજન ગ્રાન્ટ દસ માસ માટે આપવામાં આવે છે. | છાત્રાલય, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૯. | વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન | ● અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૧૫ લાખની લોન આપવામાં આવે છે.<br>● કોઈ આવક મર્યાદા નથી.<br>● વીઝા મેળવેલા હોવાં જોઈએ.<br>● ધો-૧૨માં ૫૦% મેળવ્યા બાદ ડિપ્લોમાં અને તેની સમકક્ષ તાંત્રિક તેમજ પ્રોફેશનલ અને ટેકનીકલ અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવે છે.<br>● વિદેશ ગમન પહેલાં અરજી કરવાની હોય છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર |
| ૨૦. | તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ | ● અનુસૂચિત જાતિના ધોરણ-૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવે છે.<br>● ધો-૧૦માં એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રૂા. ૪૧,૦૦૦/-, દ્વિતીય ક્રમે આવનારને રૂા. ૨૧,૦૦૦/- અને તૃત્તિય ક્રમે આવનારને રૂા. ૧૧,૦૦૦/- ઈનામ આપવામાં આવે છે.<br>● ધો-૧૨માં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રૂા. ૩૧,૦૦૦/-, દ્વિતીય ક્રમે આવનારને રૂા. ૨૧,૦૦૦/- અને તૃત્તિય ક્રમે આવનારને રૂા. ૧૧,૦૦૦/- ઈનામ આપવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર |
| ૨૧. | ડૉ.બાબા સાહેબ એવોર્ડ | ● સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિ / મહાનુભાવને રૂા. ૧ લાખનો ડૉ. બાબા સાહેબ આંબેડકર એવોર્ડ એનાયત કરવામાં આવે છે.<br>● વર્તમાનપત્રમાં જાહેરાત આવે ત્યારે અરજી કરવાની હોય છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૨૨. | મહાત્મા ગાંધી એવોર્ડ | ● સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર સંસ્થાને રૂા. ૧ લાખનો મહાત્મા ગાંધી એવોર્ડ એનાયત કરવામાં આવે છે.<br>● વર્તમાનપત્રમાં જાહેરાત આવે ત્યારે અરજી કરવાની હોય છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી,નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ,ગાંધીનગર |
| ૨૩. | સંત શ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ | ● સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ અને મૌલિક યોગદાન આપનાર અનુસૂચિત જાતિના સાહિત્યકારને રૂા. ૫૦,૦૦૦/-નો સંત શ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ આપવામાં આવે છે.<br>● વર્તમાનપત્રમાં જાહેરાત આવે ત્યારે અરજી કરવાની હોય છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી,નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર |
| ૨૪. | યુ.પી.એસ.સી. ની તૈયારી માટે સહાય | ● અનુસૂચિત જાતિના અરજદારો યુ.પી.એસ.સી.ની પ્રિલીમનરી પરીક્ષા પાસ કરે તો રૂા. ૫૦,૦૦૦/-ની સહાય કુમારો માટે અને રૂા. ૬૦,૦૦૦/- સહાય કન્યાઓ માટે આપવામાં આવે છે.<br>● જયારે મેઈન પરીક્ષા પાસ કરે તો રૂા. ૨૫,૦૦૦/-ની સહાય કુમારો માટે અને રૂા. ૩૦,૦૦૦/-ની સહાય કન્યાઓને આપવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી,નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર |
| ૨૫. | દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડ | ● અનુસૂચિત જાતિના સાહિત્યકારની સર્વ શ્રેષ્ઠ કૃતિને રૂા. ૨૫,૦૦૦/-નો દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.<br>● વર્તમાનપત્રમાં જાહેરાત આવે ત્યારે અરજી કરવાની હોય છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી,નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ,ગાંધીનગર |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૨૬. | મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ | ● અનુસૂચિત જાતિના શ્રેષ્ઠ પત્રકારને રૂા. ૨૫,૦૦૦/-નો મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ એનાયત કરવામાં આવે છે.<br>● વર્તમાનપત્રમાં જાહેરાત આવે ત્યારે અરજી કરવાની હોય છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર |
| ૨૭. | સાવિત્રીબાઈ ફુલે દલિત મહિલા કલા સાહિત્ય એવોર્ડ | ● અનુસૂચિત જાતિને હસ્તકલા કારીગરી ક્ષેત્રે આગળ લાવવા માટે અનુસૂચિત જાતિની મહિલાઓએ આપેલ યોગદાન પેટે રૂા. ૫૦,૦૦૦/-નો એવોર્ડ આપવામાં આવે છે.<br>● વર્તમાનપત્રમાં જાહેરાત આવે ત્યારે અરજી કરવાની હોય છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર |
| ૨૮. | દલિત સાહિત્ય ક્ષેત્રે પ્રકાશન સહાય | ● અનુસૂચિત જાતિના સાહિત્યકારને દલિત સમસ્યાને લગતું સાહિત્યનું પ્રકાશન કરવા માટે રૂા. ૧૦,૦૦૦/-ની સહાય કરવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ,ગાંધીનગર |
| ૨૯. | આદર્શ નિવાસી શાળાઓ | ● અનુસૂચિત જાતિના ધો-૯ અને ૧૦ના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે રાજયમાં કુલ ૨૦ આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે.<br>● આ શાળાઓમાં જમવાની અને રહેવાની વિના મૂલ્યે સવલતો પૂરી પાડવામાં આવે છે.<br>● ધો-૮માં ૫૦% મેળવનાર વિદ્યાર્થીને મેરિટ મુજબ પ્રવેશ મળે છે. | આદર્શ નિવાસી શાળા, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૩૦. | આશ્રમ શાળા | ● સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાજયમાં અનુસૂચિત જાતિઓ માટે ૮૮ આશ્રમ શાળાઓ ચલાવવામાં આવે છે.<br>● જેમાં વિદ્યાર્થી દીઠ રૂા. ૧,૦૦૦/- માસિક લેખે નિભાવ ભથ્થું ૧૦ માસ માટે આપવામાં આવે છે. | આશ્રમ શાળા, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૩૧. | શૈક્ષણિક લોન | ● અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટેની આ યોજના છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૫૫,૦૦૦/-છે.<br>● ભારતમાં અભ્યાસ કરવા માટે વધુમાં વધુ રૂા. ૭.૫ લાખ અને વિદેશમાં અભ્યાસ કરવા માટે રૂા. ૧૫ લાખની લોન આપવામાં આવે છે.<br>● ૨-૫ ટકાના વાર્ષિક દરે વ્યાજ લેવામાં આવે છે.<br>● ૫ વર્ષના સમયગાળામાં લોન પરત કરવાની હોય છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર |
| ૩૨. | સફાઈ કામદાર માતા-પિતાના બાળકોને શૈક્ષણિક લોન | ● આ યોજનામાં સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને સ્નાતક અને ઉચ્ચ કક્ષાનું વ્યાવસાયિક અથવા ટેકનિકલ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે લોન આપવામાં આવે છે.<br>● ભારતમાં અભ્યાસ કરવા માટે રૂા. ૧૦ લાખ અને વિદેશમાં અભ્યાસ કરવા માટે રૂા. ૨૦ લાખની લોન આપવામાં આવે છે.<br>● લોનનો વ્યાજનો દર વિદ્યાર્થી માટે ૪% અને વિદ્યાર્થીનીઓ માટે ૩.૫% છે.<br>● લોનની રકમ માત્ર સંબંધિત સંસ્થા / કોલેજ મારફત જ મળશે. | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| **અનુસૂચિત જાતિઓ માટેની આર્થિક ઉત્કર્ષની યોજનાઓ** | | | |
| ૩૩. | માનવ ગરિમા | ● માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારના ધંધા / વ્યવસાયના સાધનો આપવામાં આવે છે તથા કુટીર ઉદ્યોગ બેંકેબલ યોજનામાં રૂા. ૧૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર |
| ૩૪. | વકીલોને નાણાંકીય સહાય યોજના | ● અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને રૂા. ૭,૦૦૦/-ની લોન અને રૂા. ૫,૦૦૦/- સહાય આપવામાં આવે છે.<br>● આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- છે | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૩૫. | કાયદાના સ્નાતકોને અનુભવી વકીલ જોડે તાલીમ મેળવવા સહાય | ● અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને તાલીમ લેવા માટે પ્રથમ વર્ષે માસિક રૂા. ૧,૦૦૦/-, બીજા વર્ષે માસિક રૂા. ૮૦૦/- લેખે અને ત્રીજા વર્ષ માટે માસિક રૂા. ૬૦૦/- લેખે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.<br>● તાલીમ આપનાર અનુભવી વકીલને માસિક રૂા. ૫૦૦/- આપવામાં આવે છે.<br>● આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- છે.<br>● અનુભવી વકીલની અનુભવ મર્યાદા ૧૦ વર્ષ છે.<br>● અનુભવી વકીલ વધુમાં વધુ ૨ જુનીયરને તાલીમ આપી શકે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૩૬. | તબીબી સ્નાતકોને સહાય | ● મેડીકલ તેમજ આર્યુવેદ અભ્યાસક્રમમાં સ્નાતક થયેલાં પછાત વર્ગના ઉમેદવારને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂા. ૨૫,૦૦૦/-ની સબસીડી અને રૂા. ૨,૫૦,૦૦૦/- ૪%ના વ્યાજે લોન આપવામાં આવે છે.<br>● એમ.એસ. / એમ.ડી. ડોકટરોને કલીનીક શરૂ કરવા માટે માર્જીન મની લોન ૪%ના દરે રૂા. ૩,૦૦,૦૦૦/- અને રૂા. ૫૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે.<br>● આવક મર્યાદા કોઈ નથી. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર |
| ૩૭. | મહિલાઓ માટે સિવણ વર્ગો અને સહાય | ● અનુસૂચિત જાતિની બહેનો માટે ૧૨ સિવણ વર્ગો ચાલે છે.<br>● તાલીમ લેતી બહેનોને માસિક રૂા. ૨૫૦/- સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.<br>● તાલીમના અંતે સિવણ મશીન ખરીદવા રૂા. ૧૫૦૦/-સહાય આપવામાં આવે છે. | તાલીમ કેન્દ્રો, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૩૮. | પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો અને સંલગ્ન વ્યવસાય માટે સહાય | ● આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને ઈજનેરી, તબીબી, કૃષિલક્ષી, મેનેજમેન્ટ, માહિતિ- પ્રોદ્યોગિકી અને સેવા સંબંધિત અભ્યાસક્રમો જેવા તકનીકી અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવતી ખાનગી તેમજ જાહેર ક્ષેત્રની સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા તેમજ કેન્દ્ર અને રાજય સરકારો, જાહેરક્ષેત્રના ઉપક્રમો, બેન્કો તેમજ ખાનગી ક્ષેત્રમાં જુદી જુદી સેવાઓમાં નિમણૂંક મેળવવા ખાસ પ્રશિક્ષણ પુરૂ પાડીને તેમને સહાય કરવામાં આવે છે.<br>● અભ્યાસક્રમ માટેની પ્રવેશ પરીક્ષામાં વિદ્યાર્થીએ નિયત કરવામાં આવેલી ન્યુનત્તમ ટકાવારી જેટલા ગુણ મેળવેલા હોવા જોઈએ.<br>● વાર્ષિક રૂા. ૧ લાખની કૌટુંબિક આવક ધરાવતા વિદ્યાર્થી પસંદગીને પાત્ર છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર |

<table>
<tr><th>ક્રમ</th><th>યોજનાનું નામ</th><th>યોજનાની વિગત</th><th>અમલીકરણ કરતી સંસ્થા</th></tr>
<tr><td></td><td></td><td>
<table>
<tr><th rowspan="2">કોર્ષનું નામ</th><th rowspan="2">મુદત</th><th rowspan="2">ફી</th><th colspan="2">સ્ટાઈપેન્ડ</th></tr>
<tr><th>સ્થાનિક</th><th>બહારના</th></tr>
<tr><td>વર્ગ-૧</td><td>૩-૬ માસ</td><td>૮,૦૦૦/-</td><td>૨૨૫/-</td><td>૭૦૦/-</td></tr>
<tr><td>વર્ગ-૨</td><td>૩-૬ માસ</td><td>૬,૦૦૦/-</td><td>૧૨૫/-</td><td>૩૭૫/-</td></tr>
<tr><td>અન્ય</td><td>૩-૬ માસ</td><td>૬,૦૦૦/-</td><td>૧૨૫/-</td><td>૩૭૫/-</td></tr>
</table>
</td><td></td></tr>
<tr><td>૩૯.</td><td>એર હોસ્ટેસ, ટ્રાવેલ અને હોસ્પિટાલીટી મેનેજમેન્ટના અભ્યાસ માટે સહાય</td><td>
● અનુસૂચિત જાતિના ઉમેદવારોને એર હોસ્ટેસ, ટ્રાવેલ અને હોસ્પિટાલીટી મેનેજમેન્ટ માટેની સહાય આપવામાં આવે છે.<br>
● ધો-૧૨ પાસ ઉમેદવાર હિન્દી – અંગ્રેજી ભાષાનું સારૂ જ્ઞાન ધરાવતાં હોવાં જોઈએ.<br>
● વૈવાહિક દરજ્જો – અવિવાહિત.<br>
● ઉંચાઈ – યુવતીઓ માટે ૧૬૨ સે.મી. અને યુવાનો માટે ૧૭૨ સે.મી. જરૂરી છે.<br>
● દરેક તાલીમાર્થી દીઠ રૂા. ૧.૨૫/- લાખનો ખર્ચ રાજય સરકાર દ્વારા કરવામાં આવશે.<br>
● તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને રહેવા તથા જમવાનો ખર્ચ તથા કોર્સ ફીનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવશે.
</td><td>જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર</td></tr>
<tr><td>૪૦.</td><td>એન.એસ.એફ. ડી.સી. યોજના</td><td>
● રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ નાણા અને વિકાસ નિગમના સહયોગથી સીધા ધિરાણની યોજનાઓ હેઠળ ગરીબી રેખા કરતા બમણી આવકથી ઓછી આવક ધરાવતા વ્યક્તિઓને ૪થી ૬%ના વ્યાજના દરે ધિરાણ આપવામાં આવે છે. જેમાં વાહનો જેવાં કે પેસેન્જર ઓટો રીક્ષા, માલવાહક રીક્ષા, ટ્રેકટર, માઈક્રો ક્રેડીટ ફાયનાન્સ, મહિલા સમૃદ્ધિ યોજના, અને દુધાળા ઢોર યોજનાઓનો સમાવેશ થાય છે.
</td><td>જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર</td></tr>
</table>

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૪૧. | ડીલરશીપ નાણાંકીય સહાય યોજના | ● અનુસૂચિત જાતિના શિક્ષિત બેરોજગાર યુવાઓને પેટ્રોલ પંપ, ગેસ, કેરોસીન, ક્રુડ વિતરણની એજન્સી માટેની નાણાંકીય સહાય યોજના અમલમાં છે.<br>● આ યોજના હેઠળ રૂા. ૫૦,૦૦૦/- સુધીની માર્જીનમની પેટે લોન ૪%ના વ્યાજના દરે આપવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર |
| ૪૨. | બેંકેબલ યોજના | ● ગરીબી રેખા હેઠળ આવતા અનુસૂચિત જાતિના વ્યક્તિઓને ધંધા / વેપાર માટે મહત્તમ રૂા. ૧ લાખ અને ઉદ્યોગ / સેવા માટે મહત્તમ રૂા. ૨ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે.<br>● ધિરાણના ૫૦% અથવા વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦/-ની મર્યાદામાં સબસીડી આપવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી,નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર |
| ૪૩. | રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમની સીધા ધિરાણ યોજના હેઠળ મુદતી લોન | ● રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ તરફથી સીધા ધિરાણ યોજના હેઠળ નિગમ દ્વારા જુદા જુદા ધંધા અને વ્યવસાય માટે આવક મર્યાદા સિવાય સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે વ્યક્તિગત રૂા. ૫ લાખ સુધીનું ધિરાણ ૬%ના વ્યાજદરે આપવામાં આવે છે.<br>● લાભાર્થીને ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦/- અને વધુમાં વધુ રૂા. ૭૫,૦૦૦/- સુધીની સબસીડી આપવાની જોગવાઈ છે.<br>● આ યોજનાનો લાભ મેળવવા માટે નિગમ દ્વારા જે-તે ધંધા / વ્યવસાયની વર્તમાનપત્રમાં આપેલ જાહેરાત અન્વયે નિયત કરેલ સમય મર્યાદામાં અરજદારોએ સંબંધિત જિલ્લાની કચેરીએ અરજી કરવાની રહેશે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૪૪. | સીધા ધિરાણ યોજના હેઠળ મુદતી લોન | ● સફાઈ કામદાર અથવા તેમના આશ્રિતને રૂા. ૫ લાખ સુધીના વિવિધ પ્રોજેક્ટ માટે લોન આપવામાં આવે છે. આમ છતાં સ્વચ્છતાલક્ષી આર્થિક પ્રવૃત્તિઓ માટે રૂા. ૧૫ લાખ સુધીના પ્રોજેક્ટ માટે ૬%ના દરે મુદતી લોન / સહાય આપવામાં આવે છે.<br>● મુદતી લોન માટે યુનિટ ખર્ચના ૯૦% અને એસ.કે.એફ.ડી.સી. તરફથી લોન આપવામાં આવે છે. બાકીના ૧૦% લાભાર્થી ફાળાની રકમ રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારની કચેરી, સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર |
| ૪૫. | બ્રીજ લોન (સેતુ લોન) | ● સફાઈ કામદાર અથવા તેમના આશ્રિતોને રૂા. ૫ લાખ સુધીના પ્રોજેક્ટ માટે માન્ય સંસ્થા દ્વારા મંજૂર કરવામાં આવેલી રોકાણ સહાય અથવા માન્ય સંસ્થાએ મંજૂર કરેલા ભંડોળના કોઈ પણ સ્રોત સામે બ્રીજ લોન આપવામાં આવે છે.<br>● પરંતુ, તે પ્રોજેકટના સમયગાળા દરમ્યાન ચૂકવવા પાત્ર નથી.<br>● વ્યાજનો દર વાર્ષિક ૬%નો રહેશે.<br>● માન્ય સંસ્થાએ મંજૂર કરેલ સહાય અથવા ભંડોળના અન્ય કોઈ પણ સ્રોત સીધા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને, બ્રીજ લોન ની ચૂકવણીની તારીખથી ૨ વર્ષની અંદર પૂરા પાડવાના રહેશે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારની કચેરી, સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર |
| ૪૬. | સુક્ષ્મ ધિરાણ (માઈક્રો ક્રેડિટ ફાયનાન્સ) | ● સફાઈ કામદાર અથવા તેમના આશ્રિતોને નાના ધંધાઓ રૂપે આવક નિર્માણની પ્રવૃત્તિઓ વિકસાવવા માટે આ ધિરાણ આપવામાં આવે છે.<br>● રૂા. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં ધિરાણ મળે છે.<br>● વ્યાજ દર વધુમાં વધુ વાર્ષિક ૫%<br>● સ્ત્રીઓ માટે મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ વ્યાજ દર વાર્ષિક વધુમાં વધુ ૪% છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારની કચેરી, સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૪૭. | સેનેટરી માર્ટ યોજના | • સેનેટરી માર્ટ યોજના અંતર્ગત સફાઈ કામદારો કે તેઓના આશ્રિતોની રજીસ્ટર્ડ સહકારી મંડળી દ્વારા સજળ જાજરૂનું બાંધકામ અને સ્વચ્છતા વિષયક સાધન સામગ્રીના ઉત્પાદન અને વેચાણની પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવામાં આવે છે.<br>• ૧૮ થી ૫૫ વર્ષની વય મર્યાદામાં આવતા સફાઈ કામદારો કે તેમના આશ્રિતો આ યોજનાનો લાભ લઈ શકશે. જેમાં મંડળીના મુખ્ય પ્રયોજકની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધો-૭ પાસ હોવી જોઈએ.<br>• આ યોજના હેઠળ મંડળીના સભ્યદીઠ નીચે દર્શાવેલ વિગતોએ ઓછામાં ઓછા ૧૦ અને વધુમાં વધુ ૨૫ સભ્યોની મંડળીને રૂા. ૫ લાખ સુધીનું ધિરાણ/સહાય મળવાપાત્ર છે.<br>• નિગમ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવે તે સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.<br>• સૂચિત મંડળીઓએ સૈદ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ જિલ્લા રજીસ્ટ્રાર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીમાં તેની નોંધણી કરવાની રહેશે.<br>• મંડળીની નોંધણી થયા બાદ તેમજ સંબંધિત મહાનગર પાલિકા / નગર પાલિકાઓ દ્વારા દુકાન / ગોડાઉનની નાણાંકીય મંજૂરી મળ્યા બાદ જ મંડળીઓને ધિરાણ રકમ મળવાપાત્ર થશે.<br>• સેનેટરી માર્ટ મંડળીઓને બજાર મળી રહે તે માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ તેની સ્વચ્છતા વિષયક સાધન સામગ્રીની વાર્ષિક જરૂરિયાતના ૫૦% જેટલી ખરીદી અથવા રૂા. ૨ લાખની ખરીદી આ બન્નેમાંથી જે વધુ હોય તેટલી રકમની ખરીદી સેનેટરી માર્ટ મંડળીઓ પાસેથી જ કરવાની રહેશે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારની કચેરી, સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર |

<table>
<tr><th>ક્રમ</th><th>યોજનાનું નામ</th><th>યોજનાની વિગત</th><th>અમલીકરણ કરતી સંસ્થા</th></tr>
<tr><td colspan="4">અનુસૂચિત જાતિઓ માટેની આરોગ્ય, આવાસ નિર્માણ અને અન્ય યોજનાઓ</td></tr>
<tr><td>૪૮.</td><td>મફત તબીબી સહાય</td><td>• અનુસૂચિત જાતિઓના દર્દીઓને આ યોજના હેઠળ નીચે મુજબની સહાય મળે છે.<br><table>
<tr><td>ટી.બી. જેવા દર્દ માટે</td><td>માસિક રૂા. ૫૦૦/- દર્દ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>કેન્સર જેવા જીવલેણ રોગ માટે</td><td>માસિક રૂા. ૧,૦૦૦/- દર્દ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>રક્તપિત્ત</td><td>માસિક રૂા. ૮૦૦/- દર્દ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>ગંભીર પ્રસુતિના કેસોમાં</td><td>રૂા. ૫૦૦/- કેસ દીઠ</td></tr>
<tr><td>સામાન્ય દર્દ માટે</td><td>રૂા. ૧૫૦/- કેસ દીઠ</td></tr>
<tr><td>એચ.આઈ.વી. એઈડ્સ</td><td>રૂા. ૫૦૦/- માસિક દર્દ મટે નહીં ત્યાં સુધી</td></tr>
</table></td><td>સરકારી દવાખાનું</td></tr>
<tr><td>૪૯.</td><td>ડો.આંબેડકર આવાસ યોજના</td><td>• અનુસૂચિત જાતિના બીપીએલ યાદીમાં સમાવેશ થયેલ ૧૭થી ૨૦ સ્કોરવાળા લાભાર્થીઓને રૂા. ૭૦,૦૦૦/- સુધીની વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા માટે સહાય આપવામાં આવે છે.</td><td>જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર</td></tr>
<tr><td>૫૦.</td><td>ડો. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન</td><td>• સમાજમાંથી અસ્પૃશ્યતાની નાબુદી કરવા માટે અનુસૂચિત જાતિ અને સવર્ણ જ્ઞાતિઓ વચ્ચે થતાં આંતરજ્ઞાતિય લગ્નોને ઉત્તેજન આપવા માટે આ યોજના અમલમાં છે.<br>• નવ દંપતિને રૂા. ૫૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. જેમાં રૂા. ૨૫,૦૦૦/-ના રાષ્ટ્રીય બચતપત્રો અને રૂા. ૨૫,૦૦૦/-ની ઘરવખરીનો સામાન ખરીદવા માટે આપવામાં આવે છે.<br>• કોઈ આવક મર્યાદા નથી.<br>• લગ્ન કરનાર યુગલ પૈકી એક વ્યક્તિ અનુસૂચિત જાતિ અને એક હિન્દુ સવર્ણ હોવી જોઈએ.</td><td>જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર</td></tr>
</table>

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૫૧. | કુંવરબાઈના મામેરા માટે નાણાંકીય સહાય | • અનુસૂચિત જાતિના કુટુંબની પુખ્તવયની બે કન્યાઓના લગ્ન પ્રસંગે મામેરૂ માટે રૂા. ૧૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.<br>• આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-છે.<br>• લાભાર્થી કન્યાને રૂા. ૧૦,૦૦૦/- ચેકથી ચૂકવવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૫૨. | માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્નની યોજના | • આ યોજના હેઠળ અનુસૂચિત જાતિના કુટુંબો સામાજિક સુધારાના ભાગરૂપે સમૂહ લગ્નમાં જોડાય તે હેતુસર પ્રત્યેક યુગલને રૂા. ૧૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.<br>• આ સહાય કન્યાના નામે ચેકથી કરવામાં આવે છે.<br>• સમુહ લગ્નનું આયોજન કરવાં માટે આયોજક સંસ્થાઓને ઓછામાં ઓછા ૧૦ યુગલોના સમુહ લગ્ન યોજે તો યુગલદીઠ રૂા. ૨,૦૦૦/- લેખે મહત્તમ રૂા. ૫૦,૦૦૦/-ની પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૫૩. | અતિ પછાત જાતિઓ માટે આવાસની યોજના | • વાલ્મિકી, હાડી, નાડીયા અને સેનવા વિગેરે જેવી ૧૨ અતિ પછાત જાતિના લોકોને સુઘડ મકાનો મળી રહે તે હેતુથી વ્યક્તિગત ધોરણે સહાય માટે રૂા. ૪૭,૨૦૦/- આપવાની જોગવાઈ છે.<br>• આ લાભ બી.પી.એલ. યાદીના લાભાર્થીઓને મળવાપાત્ર છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી,નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર |
| ૫૪. | સફાઈ કર્મચારીઓની જૂથ વિમા યોજના | • અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત વર્ગ એવી વાલ્મિકી જાતિના સફાઈ પ્રવૃત્તિમાં રોકાયેલાં લોકોને પ્રિમીયમ ગૃપ ઈન્સ્યોરન્સ સ્કીમ હેઠળ આવરી લેવામાં આવે છે.<br>• આ જૂથ વિમા યોજના હેઠળ રૂા. ૧,૦૦,૦૦૦/-નું વિમા કવચ પુરૂં પાડવામાં આવે છે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારની કચેરી, સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર |

<table>
<tr><th>ક્રમ</th><th>યોજનાનું નામ</th><th>યોજનાની વિગત</th><th>અમલીકરણ કરતી સંસ્થા</th></tr>
<tr><td>૫૫.</td><td>અત્યાચારના બનાવોમાં સહાય</td><td>
● અનુસૂચિત જાતિઓ પર થતાં અત્યાચારના બનાવોમાં નીચે મુજબની સહાય આપવામાં આવે છે.
<table>
<tr><td>ખુન (કમાઉ વ્યક્તિ)</td><td>દરેક કેસમાં રૂા. ૫ લાખ ૭૫% રકમ પ્રથમ અને ૨૫% રકમ ગુન્હો સાબિત થયા પછી.</td></tr>
<tr><td>ખુન (બિન કમાઉ વ્યક્તિ)</td><td>દરેક કેસમાં રૂા. ૨.૫ લાખ ૭૫% રકમ પહેલાં, ૨૫% ગુન્હો સાબિત થયા પછી.</td></tr>
<tr><td>બળાત્કાર</td><td>રૂા. ૧,૨૦,૦૦૦/- તે પૈકી ૫૦% તબીબી પરીક્ષણ થયા પછી અને ૫૦% કેસ સાબિત થયા પછી.</td></tr>
<tr><td>મહાવ્યથા</td><td>રૂા. ૧,૨૦,૦૦૦/- ની સહાય</td></tr>
<tr><td>અપમાન, ધાક-ધમકી</td><td>રૂા. ૬૦,૦૦૦/- સુધી ચાર્જશીટ સમયે ૨૫% અને ૭૫% કેસ સાબિત થયા પછી</td></tr>
<tr><td>બહિષ્કાર</td><td>બહિષ્કારના કિસ્સામાં પ્રત્યેક કમાઉ-બિન કમાઉ વ્યક્તિને રૂા. ૧૫ લેખે પ્રતિદિન વધુમાં વધુ છ માસ સુધી</td></tr>
</table>
</td><td>જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી</td></tr>
<tr><td>૫૬.</td><td>ગટર કામદારોના મૃત્યુના કેસોમાં સહાય</td><td>● વર્ષ ૧૯૯૩થી અત્યાર સુધીમાં જેટલાં વ્યક્તિઓ ગટર સાફ કરતાં ગટરમાં ગુંગળામળણથી મૃત્યુ પામ્યા હોય તેવા તમામ કેસોમાં મૃત્યુ પામનારના કુટુંબને રૂા. ૧૦ લાખની સહાય આપવાની જોગવાઈ છે.<br>● ભવિષ્યમાં પણ આવા કોઈ મૃત્યુના બનાવો બને તો તેવા તમામ બનાવોમાં રૂા. ૧૦ લાખની સહાય આપવાની જોગવાઈ છે.</td><td>જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારની કચેરી, સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર</td></tr>
<tr><td>૫૭.</td><td>મરણોત્તર સહાય</td><td>● અનુસૂચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં કુટુંબોમાં મરણ પ્રસંગે અંતિમ ક્રિયા કરવા માટે રૂા. ૫,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- છે.<br>● કુટુંબના સભ્યના મૃત્યુ બાદ છ માસમાં અરજી કરવાની રહેશે.</td><td>જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી</td></tr>
</table>

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૫૮. | માનવમળ ઉપાડનારના પુનઃ સ્થાપનની યોજના | ● જે વ્યક્તિની માનવ મળ ઉપાડનારા તરીકેની ઓળખ થઈ હોય તેને રૂા. ૪૦,૦૦૦/-ની રોકડ સહાય મળશે.<br>● તેવા વ્યક્તિને અન્ય ધંધો/વ્યવસાય શરૂ કરવા માટે રૂા. ૧૫ લાખ સુધીનું ધિરાણ ૬%ના વાર્ષિક વ્યાજ દરે મળશે.<br>● તેમના બાળકોને સરકારની યોજના પ્રમાણે શિષ્યવૃત્તિ મળવા પાત્ર છે.<br>● એક રહેઠાણ માટેનો પ્લોટ અને એ પ્લોટ પર મકાન બાંધવા નાણાંકીય સહાય આપવામાં આવે છે.<br>● કુટુંબના કોઈ પણ એક પુખ્ત વયની વ્યક્તિને રોજગારલક્ષી તાલીમ પુરી પાડવામાં આવશે અને તાલીમના સમયગાળામાં માસિક રૂા. ૩,૦૦૦/- સ્ટાઈપેન્ડ પણ ચૂકવવામાં આવશે. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર |
| **વિકસતી જાતિ માટેની શૈક્ષણિક યોજનાઓ** | | | |
| ૫૯. | પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | ● પ્રાથમિક ધોરણ-૧થી ૮ અને ધો-૯ અને ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી ધો-૧થી ૮માં રૂા. ૨૫૦/- અને ધો-૯ અને ૧૦માં રૂા. ૪૦૦/- અને વિદ્યાર્થીનીઓને ધો-૧થી ૫માં રૂા. ૨૫૦/- અને ધો-૬થી ૧૦ માટે રૂા. ૭૫૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/-અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-છે. | જે-તે શાળા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૬૦. | કન્યાઓને પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | ● સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા નથી. | જે-તે શાળા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |

<table>
<tr><th>ક્રમ</th><th>યોજનાનું નામ</th><th>યોજનાની વિગત</th><th>અમલીકરણ કરતી સંસ્થા</th></tr>
<tr><td></td><td></td><td>● આ યોજનામાં નીચે મુજબની સહાય આપવામાં આવે છે.<br>
<table>
<tr><th>અભ્યાસક્રમ</th><th colspan="2">માસિક રૂા.</th></tr>
<tr><td></td><td>હોસ્ટેલર</td><td>ડેસ્કોલર</td></tr>
<tr><td>એન્જીનીયરીંગ, મેડીકલ, બીએસસી</td><td>૨૮૦</td><td>૧૨૫</td></tr>
<tr><td>ડીપ્લોમાં તથા અનુસ્નાતક અભ્યાસક્રમો</td><td>૧૯૦</td><td>૧૨૫</td></tr>
<tr><td>એન્જીનીયરીંગ, મેડીસીન્સ, તાંત્રિક વિજ્ઞાન તથા અનુસ્નાતક અભ્યાસક્રમોના પ્રમાણપત્ર અભ્યાસક્રમો</td><td>૧૯૦</td><td>૧૨૫</td></tr>
<tr><td>પોસ્ટ મેટ્રીક અભ્યાસક્રમ સ્નાતક સુધી</td><td>૧૭૫</td><td>૯૦</td></tr>
<tr><td>ધો-૧૧ અને ૧૨</td><td>૧૨૫</td><td>૬૫</td></tr>
</table></td><td></td></tr>
<tr><td>૬૧.</td><td>અતિ પછાત જાતિના ધો-૧થી ૧૦માં ભણતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ</td><td>● સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ પૈકીના અતિ પછાત જાતિઓ જેવી કે, મે, મેંતા, ફકીર, ડફેર, કાંગસીયા વિગેરે... ૧૨ જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની યોજના હેઠળ છાત્રાલયમાં રહેતાં હોય તેવાં વિદ્યાર્થીઓને રૂા. ૨૫૦/- થી રૂા. ૫૦૦/- તેમજ ડેસ્કોલર વિદ્યાર્થીઓને રૂા. ૨,૦૦૦/- થી રૂા. ૨,૫૦૦/- સુધીની વાર્ષિક શિષ્યવૃત્તિ ઉપરાંત વધારાના રૂા. ૫૦૦/-આપવામાં આવે છે.</td><td>જે-તે શાળા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી</td></tr>
<tr><td>૬૨.</td><td>મફત ગણવેશ યોજના</td><td>● સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ, લઘુમતી તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધો-૧થી ૮માં અભ્યાસ કરતાં હોય તેઓને વાર્ષિક રૂા. ૩૦૦/-ની ગણવેશ સહાય આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-છે.</td><td>જે-તે શાળા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી</td></tr>
</table>

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૬૩. | બુક બેન્ક | ● વિકસતી જાતિઓ તેમજ વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ઈજનેરી અને તબીબી કોલેજમાં અભ્યાસ કરતાં હોય તેવાં વિદ્યાર્થીઓને બુક બેંક મારફત પુસ્તકો પુરા પાડવામાં આવે છે.<br>● બુક બેન્ક લાભ લેવા કોઈ આવક મર્યાદા નથી.<br>● ૧૦% ડીપોઝીટ લઈને પુસ્તકો પુરા પાડવામાં આવે છે. પુસ્તકો પરત કર્યેથી ૫% ડીપોઝીટ પરત કરવામાં આવે છે.<br>● રાજયમાં આવી ૫ બુક બેન્ક ચાલું છે. | બુક બેંક, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૬૪. | પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ | ● સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ધો-૧૦ પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભારત સરકારની યોજના હેઠળ નીચે મુજબ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. (કોષ્ટક નીચે)<br>● વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧ લાખ છે. આ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. | જે-તે શાળા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૬૫. | મેડીકલ અને એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને ભોજનબીલ | ● સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મેડીકલ અને એન્જીનીયરીંગ કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓને માસિક રૂા. ૧,૦૦૦/- ભોજન બીલ ૧૦ માસ માટે આપવામાં આવે છે.<br>● આ યોજનાનો લાભ કોલેજ સંલગ્ન છાત્રાલય અથવા કોલેજ દ્વારા માન્ય છાત્રાલયમાં રહેતાં વિદ્યાર્થીઓને મળે છે.<br>● વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રૂા. ૨ લાખ રાખવામાં આવેલ છે. | કોલેજ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |

| *અભ્યાસક્રમ* | *માસિક રૂા.* | |
|---|---|---|
| | *હોસ્ટેલર* | *ડેસ્કોલર* |
| એન્જીનીયરીંગ, મેડીકલ, બીએસસી | ૭૫૦ | ૩૫૦ |
| ડીપ્લોમા તથા અનુસ્નાતક અભ્યાસક્રમો | ૫૧૦ | ૩૩૫ |
| પ્રમાણપત્ર અભ્યાસક્રમો | ૪૦૦ | ૨૧૦ |
| બીજા અન્ય અભ્યાસક્રમો | ૨૬૦ | ૧૬૦ |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૬૬. | ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ | • વિકસતી જાતિના ધો-૧૧ અને ૧૨માં ભણતાં હોય અને જેમના માતા-પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- સુધીની હોય અને આગલાં ધોરણમાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી છાત્રાલયમાં રહી ભણતાં ધો-૧૧ના વિદ્યાર્થીઓને રૂા. ૭૨૫/- ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને રૂા. ૮૪૦/- તથા ઘરે રહીને અભ્યાસ કરતાં ધો-૧૧ના વિદ્યાર્થીઓને રૂા. ૪૭૫/- અને ધો-૧૨ના વિદ્યાર્થીઓને રૂા. ૫૪૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>• આર્થિત પછાત વર્ગ અને લઘુમતિના વિદ્યાર્થીઓને ધો-૧૧માં વાર્ષિક રૂા. ૩૦૦/- અને ધો-૧૨માં વાર્ષિક રૂા. ૬૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. | કોલેજ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૬૭. | સરકારી છાત્રાલયો | • ધો-૧૦ પછીના ૧૧-૧૨, મેડીકલ, એન્જીનીયરીંગ તથા કોલેજમાં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે રાજયમાં ૬૩ સરકારી છાત્રાલયો ચાલે છે.<br>• આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવાની અને જમવાની સગવડ આપવામાં આવે છે.<br>• સાથે સાથે અન્ય સગવડતાઓ જેવી કે પુસ્તકાલય, રમતના સાધનો જેવી સુવિધાઓ આપવામાં આવે છે.<br>• દર વર્ષે છાત્રાલયોમાં પ્રવેશ માટે સમાચાર પત્રોમાં જાહેરાત આવે છે. | છાત્રાલય, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૬૮. | આશ્રમ શાળાઓ | • ધો-૧થી ૭માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ૧૬૯ આશ્રમ શાળાઓ રાજયમાં ચલાવવામાં આવે છે.<br>• આ આશ્રમ શાળાઓમાં વિના મૂલ્યે રહેવાની, જમવાની અને અભ્યાસની સગવડ આપવામાં આવેછે. | આશ્રમ શાળા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૬૯. | નિવાસી શાળાઓ | • વિકસતી જાતિના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા અને તેઓ શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે તે માટે ધો-૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે તેમજ ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ૩૩ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે.<br>• આ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને મફત રહેવા, જમવા અને ભણવાની સગવડ આપવામાં આવે છે. | નિવાસી શાળા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૭૦. | ઈનામી યોજના (ધો-૧૦ અને ૧૨ માટે) | • બોર્ડની માર્ચ-એપ્રિલમાં લેવાતી પરીક્ષાના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળે છે.<br>• ધો-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ પ્રાપ્ત કરેલાં હોવાં જોઈએ.<br>• ધો-૧૦ની બોર્ડની પરીક્ષામાં વિકસતી જાતિના પ્રથમ ૧થી ૩ ક્રમમાં આવનાર વિદ્યાર્થીને રૂા. ૧૧,૦૦૦/-થી ૪૧,૦૦૦/- અને ધો-૧૨માં બોર્ડમાં દરેક પ્રવાહમાં (સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, ઉત્તર બુનીયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ) પ્રથમ ૧થી ૩ ક્રમમાં આવનાર વિદ્યાર્થીઓને રૂા. ૧૧,૦૦૦/-થી ૩૧,૦૦૦/- પ્રોત્સાહન રૂપે ઈનામ આપવામાં આવે છે. | આશ્રમ શાળા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૭૧. | ધો-૯ની કન્યાઓને સાયકલ | • આ યોજના હેઠળ ધો-૯માં અભ્યાસ કરતી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓને સાયકલ સહાય આપવામાં આવે છે.<br>• વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-છે.<br>• આ યોજનાનો લાભ રહેઠાણથી શાળાના અંતરને ધ્યાનમાં રાખ્યા વિના આપવામાં આવે છે. | જે-તે શાળા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૭૨. | વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન | ● આ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં જવા રૂા. ૧૫ લાખની લોન ૪%ના વાર્ષિક દરે આપવામાં આવે છે.<br>● વિદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલો હોવો જોઈએ.<br>● આવક મર્યાદા નથી. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર |
| ૭૩. | કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે લોન | ● આ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે રૂા. ૨૫ લાખની લોન ૪%ના વાર્ષિક વ્યાજના દરે આપવામાં આવે છે.<br>● આવક મર્યાદા નથી. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર |
| ૭૪. | આઈ.એ.એસ., આઈ.પી.એસ. ની તાલીમ માટે સહાય | ● વિકસતી જાતિના વિદ્યાર્થીઓ – વિદ્યાર્થીનીઓ કે જેઓ આઈ.એ.એસ. – આઈ.પી.એસ. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે યુનિવર્સીટી કે તે તેની સંસ્થાની દેખરેખ હેઠળ તાલીમ લેતા હોય તેને માસિક રૂા. ૧,૦૦૦/-ની સહાય મળે છે.<br>● કન્યાઓ માટે આવક મર્યાદા નથી.<br>● છોકરાઓ માટે શહેરી વિસ્તાર માટે વાર્ષિક રૂા. ૬૮,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- રાખવામાં આવેલ છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર |
| ૭૫. | વિચરતી – વિમુકત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી કોલેજોમાં ભણવાં સહાય | ● વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ખાનગી કોલેજોમાં અભ્યાસ કરતાં હોય તેમને આ શિષ્યવૃત્તિ મળે છે.<br>● કોલેજ સરકારની માન્યતા પ્રાપ્ત હોવી જોઈએ.<br>● વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨ લાખ છે.<br>● સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી મળીને વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- અથવા ખેરખર ખર્ચની મર્યાદામાં સહાય કરવામાં આવે છે. | કોલેજ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૭૬. | સ્વામી વિવેકાનંદ યોજના (તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે) | • વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ટેકનિકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>• એક વર્ષના વ્યવસાયિક અભ્યાસ માટે માસિક રૂા. ૧૨૫<br>• સરકારી આઈ.ટી.આઈ. માટે માસિક રૂા. ૪૦૦/-<br>• વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- છે. | કોલેજ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૭૭. | એમ.ફીલ. અને પી.એચ.ડી.ના અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ | • સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ કે જેઓ એમ.ફીલ. અને પી.એચ.ડી. કરી રહ્યાં છે તેઓને આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>• વાર્ષિક આવક મર્યાદા રૂા. ૪૫,૭૬૦/- છે.<br>• એમ.ફીલ.ના અભ્યાસક્રમ માટે રૂા. ૨૫,૦૦૦/-<br>• પી.એચ.ડી.ના અભ્યાસક્રમ માટે રૂા. ૩૦,૦૦૦/-. | કોલેજ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૭૮. | એર હોસ્ટેસ / હોસ્પિટાલીટીની તાલીમ | • આ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે એર હોસ્ટેસ / હોસ્પિટાલીટીની તાલીમ આપવામાં આવે છે. જેના માટે સરકાર તાલીમાર્થી દીઠ રૂા. ૧.૨૫ લાખનો ખર્ચ ભોગવે છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર |
| **વિકસતી જાતિ માટેની આર્થિક ઉત્કર્ષની યોજનાઓ** | | | |
| ૭૯. | કુટીર ઉદ્યોગો, સ્વરોજગારી, વાંસકામ માટે સહાય | • વિકસતી જાતિના લોકોને કુટીર ઉદ્યોગ અને નાના પાયાના વ્યવસાયો માટે રાષ્ટ્રીયકૃત બેંકો અથવા અન્ય નાણાંકીય સંસ્થાઓ (એજન્સીઓ) મારફતે વ્યક્તિગત ધોરણે લોન સામે એકમ ખર્ચના ૧-૩ ભાગ અથવા વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦/- એ બેમાંથી ઓછું હોય તે સહાય પેટે આપવામાં આવે છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| | | • અતિ પછાત જાતિને યુનિટ કોષ્ટના ૫૦% અથવા રૂા. ૧૦,૦૦૦/-ની મર્યાદામાં સબસીડી આપવામાં આવે છે.<br>• વાર્ષિક આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/-છે. | |
| ૮૦. | સ્વરોજગાર માટે માનવ ગરિમા યોજના | • આ યોજના હેઠળ સ્વરોજગારી માટે કીટ્સ આપવામાં આવે છે.<br>• વાર્ષિક આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/-છે.<br>• અતિ પછાત જાતિ અને વિચરતી વિમુક્ત જાતિ માટે આવક મર્યાદા નથી. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૮૧. | કલાકારોને કળા કૌશલ્યના સાધનો ખરીદવા નાણાંકીય સહાય | • સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલાકારને કળા કૌશલ્યના સાધનો ખરીદવા નાણાંકીય સહાય આપવામાં આવે છે.<br>• રૂા. ૫,૦૦૦/-ની સહાય મળે છે.<br>• વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૮૨. | લેખકો / કવિઓને સાહિત્ય પ્રકાશન માટે નાણાંકીય સહાય | • સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લેખકો / કવિઓને સર્જનાત્મક, વિવેચનાત્મક તથા સંશોધનાત્મક સહિત હાસ્ય, બાળ સાહિત્ય, સામાજિક જેવા મૌલિક લખાણ માટે સહાય આપવામાં આવે છે.<br>• ખર્ચના ૭૫% અથવા વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦/-ની સહાય મળવાપાત્ર છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૮૩. | કાયદા અને તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય | ● વિકસતી જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂા. ૫,૦૦૦/-ની સહાય અને રૂા. ૭,૦૦૦/-ની લોન આપવામાં આવે છે.<br>● તબીબી સ્નાતકોને ડોકટરનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂા. ૨૫,૦૦૦/-ની સહાય અને ૪%ના વ્યાજ દરે રૂા. ૪૦,૦૦૦/-ની લોન આપવામાં આવે છે.<br>● એમ.ડી. અથવા એમ.એસ. થયેલાં ડોકટરોને નર્સિંગ હોમ - શસ્ત્રક્રિયા પ્રયોગશાળા શરૂ કરવાં રૂા. ૩૦,૦૦૦/-ની મર્યાદામાં સીમાંત નાણું આપવામાં આવે છે. જેમાં રૂા. ૭,૫૦૦/-ની સહાય અને રૂા. ૨૨,૫૦૦/-ની ૪%ના દરે લોન આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-ની છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૮૪. | મહિલા સિવણ વર્ગો | ● વિકસતી જાતિની બહેનો સિવણની તાલીમ લઈ સિવણ કામ દ્વારા પૂરક રોજ મેળવી શકે તે માટે રાજ્યમાં ૧૮ સિવણ વર્ગો ચલાવવામાં આવે છે.<br>● સિવણ વર્ગોમાં તાલીમ લેતી બહેનોને માસિક રૂા. ૨૫૦/-ની સહાય આપવામાં આવે છે.<br>● તાલીમના અંતે રૂા. ૧,૫૦૦/- સિવણ મશીન ખરીદવા માટે સહાય તરીકે આપવામાં આવે છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૮૫. | વ્યવસાયકારોને ધંધાનું સ્થળ-દુકાન ખરીદવા નાણાંકીય સહાય | ● સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા નાણાંકીય સહાય મળે છે.<br>● રૂા. ૬૦,૦૦૦/- સુધીની લોન અને રૂા. ૧૫,૦૦૦/-સુધીની સહાય આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-ની છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |

<table>
<tr><th>ક્રમ</th><th>યોજનાનું નામ</th><th>યોજનાની વિગત</th><th>અમલીકરણ કરતી સંસ્થા</th></tr>
<tr><td>૮૬</td><td>પુ.રવિશંકર મહારાજ એવોર્ડ</td><td>● વિકસતી જાતિ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન કરનાર વ્યક્તિને રૂા. ૧ લાખનો પૂ.રવિશંકર મહારાજ એવોર્ડ આપવામાં આવે છે.</td><td>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી</td></tr>
<tr><td>૮૭</td><td>નાલંદા એવોર્ડ</td><td>● આ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના ઉત્કર્ષ માટે વિશિષ્ટ યોગદાન કરનાર સ્વૈચ્છિક સંસ્થાને રૂ.૧ લાખનો નાલંદા એવોર્ડ આપવામાં આવે છે.</td><td>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી</td></tr>
<tr><td>૮૮.</td><td>મફત તબીબી સહાય</td><td>● આ યોજના હેઠળ વિકસતી જાતિના દર્દીને નીચેના રોગો માટે સહાય આપવામાં આવે છે.<br><table>
<tr><td>ટી.બી.</td><td>માસિક રૂા. ૫૦૦/-</td><td>૧૨ માસ સુધી</td></tr>
<tr><td>રક્તપિત્ત</td><td>માસિક રૂા. ૮૦૦/-</td><td>રોગ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>કેન્સર જેવા રોગો માટે</td><td>માસિક રૂા. ૧,૦૦૦/-</td><td>દર્દ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>એઈડ્સ જેવા અસાધ્ય રોગ માટે</td><td>માસિક રૂા. ૫૦૦/-</td><td>દર્દ મટે ત્યાં સુધી</td></tr>
</table>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-છે.</td><td>સરકારી દવાખાનું</td></tr>
<tr><td>૮૯.</td><td>પંડિત દિન દયાલ ઉપાધ્યાય આવાસ યોજના</td><td>● આ યોજના હેઠળ વિકસતી જાતિ તથા આર્થિક રીતે પછાત વર્ગોની વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા માટે રૂા. ૭૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/-છે.<br>● બી.પી.એલ. લાભાર્થીઓને પ્રથમ અગ્રિમતા આપવામાં આવે છે.</td><td>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી</td></tr>
</table>

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૯૦. | સમાજ શિક્ષણ શિબિર | • વિકસતી જાતિની વ્યક્તિઓને વિકસતી જાતિ કલ્યાણ ખાતાની યોજનાઓ અને જોગવાઈઓનો ખ્યાલ આપવા માટે જિલ્લામાં સમાજ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.<br>• એક શિબિરનો ખર્ચ રૂા. ૧૫,૦૦૦/- છે.<br>• દરેક જિલ્લામાં આવી શિબિરો યોજવામાં આવે છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૯૧. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ખાસ યોજના | • આ યોજના રાજયના ૧૩૫ તાલુકાઓમાં કે જયાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ધનિષ્ઠ અને નોંધપાત્ર વસ્તી છે ત્યાં માળખાકીય સવલતો જેવી કે પીવાનું પાણી, રસ્તાના કામો, વીજળીકરણ, છાત્રાલયો, આશ્રમશાળાઓ, આરોગ્ય પેટા કેન્દ્ર વિગેરે સવલતો પૂરી પાડવાની જોગવાઈ છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૯૨. | કુંવરબાઈનું મામેરૂં યોજના | • આ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાતવર્ગની કન્યાના લગ્ન પ્રસંગે મામેરાના ખર્ચને પહોંચી વળવા માટે રૂા. ૧૦,૦૦૦/-ની સહાય દિકરીના નામે આપવામાં આવે છે.<br>• વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- છે.<br>• આ યોજના હેઠળ કુટુંબ દીઠ બે દીકરીઓ સુધી સહાય મળી શકે છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |
| ૯૩. | સાત ફેરા સમૂહ લગ્ન | • સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો સામાજિક સુધારાના ભાગરૂપે સમુહ લગ્નમાં જોડાય તેને પ્રોત્સાહન આપવાના હેતુસર સમુહ લગ્નમાં જોડાયેલ પ્રત્યેક યુગલને યુગલદીઠ રૂા. ૧૦,૦૦૦/-ની નાણાંકીય સહાય નર્મદા બોન્ડ રૂપે આપવામાં આવે છે.<br>• સમુહ લગ્નના આયોજન માટે આયોજક સંસ્થાને યુગલદીઠ રૂા. ૨,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| **વિકલાંગ વ્યક્તિઓ માટેની યોજનાઓ** | | | |
| ૯૪. | વિકલાંગ ઓળખ કાર્ડ આપવાની યોજના | ● વિકલાંગ (દ્રષ્ટિહીન, અલ્પદ્રષ્ટી, શ્રવણમંદ, અસ્થિ વિષયક ખામી, માનસિક ક્ષતિ, માનસિક માંદગી) વ્યક્તિઓને ઓળખકાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ મેળવવા નીચે મુજબની પાત્રતા જરૂરી છે:<br>■ ૪૦%થી વધુ વિકલાંગતા ધરાવતા હોવાં જોઈએ.<br>■ શ્રવણમંદ વ્યક્તિ<br>■ દ્રષ્ટિહિન વ્યક્તિ<br>■ ૭૦ કે તેથી ઓછી બુદ્ધિઆંક ધરાવતી મંદબુદ્ધિવાળી વ્યક્તિ<br>■ ગુજરાત રાજયમાં કાયમી વસવાટ<br>● વિકલાંગ ઓળખકાર્ડ ઉપરથી સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી શકે છે. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |
| ૯૫. | સાધન સહાયની યોજના | ● વિકલાંગ વ્યક્તિઓને તેમની વિકલાંગતામાં કેટલેક અંશે હળવાશ ઉભી કરવાં તથા વિકલાંગને રોજગારી પ્રાપ્ત કરવામાં સરળતા લાવવા તેમજ રોજગારલક્ષી સાધનો પૂરા પાડવા આ યોજના અમલમાં છે.<br>■ ૫ થી ૫૦ વર્ષ સુધીની ઉંમરની વ્યક્તિને મળવાપાત્ર<br>■ ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને<br>■ દ્રષ્ટિહીન તેમજ શ્રવણમંદ વ્યક્તિઓને<br>■ ગુજરાત રાજયના વતની હોવાં જોઈએ<br>■ વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતાં હોવા જોઈએ<br>■ કુટુંબની વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- છે. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| | | ● સહાયમાં નીચે મુજબના સાધનો મળી શકે:<br>■ કૃત્રિમ અવયવ માટે ઘોડી, (બુટ) કેલીપર્સ, ત્રણ પૈડાવાળી સાયકલ, બે પૈડાવાળી સાયકલ, વ્હીલચેર<br>■ સ્વરોજગાર માટે હાથલારી, સિલાઈ મશીન, મોચીકામ માટેના સાધનો, સુથારી, ઈલેક્ટ્રીક રિપેરીંગ, કોમ્પ્યુટર રીપેરીંગના સાધનો, ભરત ગુંથણ મશીન, એમ્બ્રોઈડરી મશીન<br>■ શ્રવણમંદ વ્યક્તિ માટે હીયરીંગ એઈડ<br>■ દ્રષ્ટિહીન વ્યક્તિ માટે સંગીતના સાધનો<br>● ઉપરોકત સાધન સહાય રૂા. ૫,૦૦૦/-ની મર્યાદામાં આપવામાં આવે છે. | |
| ૯૬. | વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ● આર્થિક રીતે નબળા વાલીઓના વિકલાંગ બાળકોને શિક્ષણ આપવાના હેતુસર શૈક્ષણિક સાધનોની ખરીદી કરવા તથા શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાં સારૂં અને શિક્ષણ ખર્ચમાં કેટલાંક અંશે હળવાશ ઉભી કરવા આ યોજના અમલી છે.<br>● આ શિષ્યવૃત્તિ મેળવવાની પાત્રતા નીચે મુજબ છે:<br>■ વિકલાંગતાની ટકાવારી ૪૦%થી ઓછી હોવી જોઈએ નહીં.<br>■ વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦% ગુણ હોવાં જોઈએ.<br>■ અભ્યાસ કરતા બાળકોની કૌટુંબિક આવક રૂા. ૫૦,૦૦૦/-થી વધુ ન હોય.<br>■ વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતાં હોવાં જોઈએ.<br>● ધો-૧થી ૭માં વાર્ષિક રૂા. ૧,૦૦૦/- અને ધો-૮થીને ઉપરના અભ્યાસ માટે રૂા. ૧,૫૦૦/-થી રૂા. ૫,૦૦૦/-ની મર્યાદામાં શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.<br>● સમય મર્યાદામાં નિયત ફોર્મ ભરાવીને જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને રજૂ કરવાની જવાબદારી સંબંધિત શાળા-કોલેજના આચાર્યશ્રીની રહે છે. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જે-તે શાળા |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૯૭. | એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવાની યોજના | ● વિકલાંગ વ્યક્તિઓ બાળકોની સારવાર, સામાજિક કામો પર જવા, અભ્યાસ અર્થે તથા અન્ય કામે કરવી પડતી બસની મુસાફરી ખર્ચમાં આર્થિક રાહત આપવાના હેતુથી આ યોજના સરકારે અમલમાં મૂકી છે. ગુજરાત રાજયની હદમાં એસ.ટી. નિગમની બસોમાં મફત મુસાફરી કરી શકે છે.<br>● નીચે મુજબની પાત્રતા જરૂરી છેઃ<br>■ વિકલાંગ ઓળખકાર્ડ હોવું જોઈએ.<br>■ ૪૦% કે તેથી વધુ વિકલાંગતા<br>■ ૧૦૦% દ્રષ્ટિહીન વ્યક્તિ<br>■ ૧૦૦% શ્રવણમંદ વ્યક્તિ<br>■ ૭૦% કે તેથી વધુઓને બુદ્ધિઆંક ધરાવતી મંદબુદ્ધિવાળી વ્યક્તિ<br>■ ગુજરાત રાજયના કાયમી રહેવાશી.<br>● આવક મર્યાદા વિકલાંગ વ્યક્તિઓ માટે રૂા. ૨,૫૦,૦૦૦/-<br>● વિકલાંગ વ્યક્તિ સાથે સાથીદારને એસ.ટી.માં મળવાપાત્ર રાહત નીચે મુજબ છે :<br>■ ૭૫% કે તેથી વધુ શારીરિક વિકલાંગતા ધરાવતી વ્યક્તિના સાથીદારને ૫૦% રાહત<br>■ દ્રષ્ટિહીન વ્યક્તિના સાથીદારને એસ.ટી.માં ૧૦૦% રાહત<br>■ મંદબુદ્ધિવાળી વ્યક્તિના સાથીદારને ૫૦% રાહત | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |
| ૯૮. | આર્થિક સહાયની યોજનાઓ | ● વિકલાંગોને સ્વરોજગારીની તકો પૂરી પાડવા માટે આ યોજના અમલમાં છે.<br>● નાના વ્યવસાયો / વેપારમાં સ્વરોજગારી માટે રૂા. ૩ લાખ સુધી | ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગર |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| | | ● ભારતમાં ઉચ્ચતર અભ્યાસ કે વ્યવસાયી તાલીમ માટે રૂા. ૭.૫ લાખ અને વિદેશમાં શિક્ષણ માટે રૂા. ૧૫ લાખની સહાય<br>● ખેતી વિકાસ માટે રૂા. ૫ લાખ સુધીની સહાય<br>● વાહનો ખરીદી ભાડે આપવા રૂા. ૫ લાખ સુધીની સહાય<br>● મંદબુદ્ધિ લોકો માટે રૂા. ૩.૫ લાખની સહાય<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૬૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા.૨,૦૦,૦૦૦/-ની છે.<br>● વ્યાજનો દર ૫૦,૦૦૦/- સુધી ૫%, ૧ લાખ સુધી ૬%, ૫ લાખ સુધી ૬% અને ૫ લાખથી ઉપર ૮%, જ્યારે વિકલાંગ મહિલાને ૧%ની રાહત મળવા પાત્ર છે. | |
| ૯૯. | ઈન્દીરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ | ● તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવામાં આવે છે.<br>● લાભ કોને મળવા પાત્ર થાય છે?:<br>■ અરજદારની ઉંમર ૬૪ વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ.<br>■ ૮૦% કે તેના કરતાં વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિને<br>■ લાભાર્થીના કુટુંબની આવક ગ્રામ્ય વિસ્તાર માટે બી.પી.એલ. યાદીમાં ૧૬ સુધીનો સ્કોર તથા શહેરી વિસ્તારમાં શહેરી વિકાસની ગાઈડ લાઈન મુજબ<br>■ ૨૧ વર્ષથી વધુ વયનો લાભાર્થીને પુત્ર ન હોય.<br>■ ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ<br>■ વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતાં હોય.<br>● લાભ શું મળે? :<br>■ ૧૭ વર્ષથી નીચેના વિકલાંગ અરજદારને માસિક રૂા. ૫૦૦/-<br>■ ૧૮થી ૬૪ વર્ષના વિકલાંગ અરજદારને માસિક રૂા. ૬૦૦/-<br>● અરજદારને ઘેર બેઠા મની ઓર્ડરથી, પોસ્ટ ઓફિસ કે બેંક ખાતામાં સહાય મળી જાય છે. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૦૦. | ઉચ્ચ શિક્ષણ સહાય યોજના | • વિકલાંગ વ્યક્તિઓ માટે ઉચ્ચ શિક્ષણ માટે સહાય કરવામાં આવે છે અને તેમને રોજગારી મેળવવા કે સ્વનિર્ભર બનવા માટેની આ યોજના છે.<br>• વિદ્યાર્થીઓ કે તાલીમાર્થી જે વિકલાંગ હોય અને તે વ્યક્તિની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને ૩૫ વર્ષથી નીચે હોવી જોઈએ.<br>• એસ.એસ.સી., એચ.એસ.સી., ગ્રેજયુએટ વિકલાંગ વ્યક્તિઓને આ લાભ મળે છે.<br>• વાર્ષિક આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- છે.<br>• ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાતમાં વસવાટ<br>• આ યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ, વ્યવસાયિક, ટેકનીકલ પ્રકારના તમામ અભ્યાસક્રમો જેવાં કે કોમ્પ્યુટર તાલીમ, એડવાન્સ એકાઉન્ટન્સી, હોટેલ મેનેજમેન્ટ, બ્યુટી પાર્લર વિગેરે અભ્યાસક્રમ માટે ફીના ૫૦% અથવા રૂા. ૨,૫૦૦/- બેમાંથી જે ઓછું હોય તેટલી રકમની સહાય આપવામાં આવે છે. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |
| ૧૦૧. | વિકલાંગ વિધવા બહેનોને મકાન બાંધકામ સહાય | • રાજયની વિકલાંગ વિધવા બહેનો કે જેઓ ૪૦% કે તેથી વધુ કેટેગરીની વિકલાંગતા ધરાવતી હોય તેવી બહેનોને મકાન બાંધકામ માટે રૂા. ૪૦,૦૦૦/-ની મકાન સહાય આપવામાં આવે છે.<br>• ૧૮થી ૬૦ વર્ષની વિકલાંગ વિધવા બહેનો સહાય મળે છે.<br>• અરજદાર પાસે પોતાના પ્લોટ અને કબજો ધરાવતો હોવો જોઈએ.<br>• અરજદાર તે સ્થળે ૫ વર્ષથી વસવાટ કરતાં હોવાં જોઈએ.<br>• અન્ય આવાસની યોજનાનો લાભ લીધો ન હોવો જોઈએ.<br>• ગરીબી રેખા નીચે જીવતા / નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં અરજદારોને સહાય મંજૂર કરવામાં અગ્રતા આપવામાં આવે છે. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૦૨. | પોલિયોના દર્દી માટે શસ્ત્રક્રિયા માટે સહાય | ● પોલીયો ઓપરેશન દ્વારા શરૂઆતના પાયાથી જ વિકલાંગતા દૂર કરવા રૂા. ૫,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.<br>● વાર્ષિક આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/-ની છે. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |
| ૧૦૩. | વિકલાંગોના કલ્યાણ માટે પ્રવૃત્તિ કરનાર સંસ્થા / વ્યક્તિને રાજ્ય પારિતોષિક | ● વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી બે સંસ્થા અને બે વ્યક્તિઓને રાજય પારિતોષિક આપવામાં આવે છે.<br>● સંસ્થાગતમાં પ્રથમ ક્રમને રૂા. ૫૦,૦૦૦/- રોકડા અને પ્રશસ્તિપત્ર અને દ્વિતીય ક્રમને રૂા. ૪૫,૦૦૦/- રોકડા અને પ્રશસ્તિપત્ર<br>● જયારે, વ્યક્તિગતમાં પ્રથમ ક્રમને રૂા. ૨૦,૦૦૦/- રોકડા અને પ્રશસ્તિપત્ર અને દ્વિતીય ક્રમને રૂા. ૧૫,૦૦૦/- રોકડા અને પ્રશસ્તિપત્ર<br>● આ યોજનાનો લાભ વેતન મેળવતા કર્મચારી, સંસ્થાને મળવાપાત્ર નથી.<br>● આ યોજના બાબતે વર્તમાનપત્રમાં જાહેરાત આવતાં અરજી કરવાની રહેશે. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |
| ૧૦૪. | રાષ્ટ્રીય વિકલાંગ નાણાંકીય નિગમ દ્વારા લોન | ● રાષ્ટ્રીય વિકલાંગ નાણાંકીય નિગમ, નવી દિલ્હી તરફથી વિકલાંગ વ્યક્તિઓને લોન આપવામાં આવે છે.<br>● ગુજરાત રાજયમાં અલ્પસંખ્યક નાણાં વિકાસ નિગમ ચેનલ એજન્સી તરીકે કામગીરી કરે છે. | અલ્પ સંખ્યક નાણાં વિકાસ નિગમ, ગાંધીનગર |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| **અનાથ બાળકો માટેની યોજનાઓ** | | | |
| ૧૦૫. | બાળ સંરક્ષણ ગ્રૃહ | ● બાળ સંરક્ષણ ગ્રૃહ એ બાળકો માટેની ટુંકા ગાળાની સંભાળ રાખતી સંસ્થા છે. જયાં બાળકોને સામાન્ય શિક્ષણ, તાલીમ આપી ટુંકાગાળામાં જ તેમનું પુનઃસ્પાથન કરવામાં આવે છે.<br>● બાળકોના વસવાટ દરમ્યાન મફત ભોજન, કપડા/બિસ્તર તથા રમત-ગમત, તબીબી સવલત અને મનોરંજનની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.<br>● રાજયમાં ૧૩૭ ગૃહો કાર્યરત છે. | બાળ સંરક્ષણ ગ્રૃહ |
| ૧૦૬. | ચિલ્ડ્રન હોમ | ● રક્ષણ અને સંભાળની જરૂરિયાતવાળા બાળકોને ચિલ્ડ્રન હોમમાં રાખવામાં આવે છે.<br>● રાજયમાં ૪૩ સરકારી અને ૫૯ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચિલ્ડ્રન હોમ કાર્યરત છે.<br>● બાળકોને રક્ષણ તેમજ મફત ખાવા-પીવાની સગવડ અને કેટલાંક હુન્નર ઉદ્યોગની તાલીમ અને શિક્ષણ આપવામાં આવે છે.<br>● બાળકો સંસ્થામાં રહે તે દરમ્યાન તેમનું કુટુંબ, સામાજિક જીવન, ઈતિહાસ વિગેરે એકત્ર કરવામાં આવે છે અને તેમની યોગ્ય કાળજી લેવાનો પ્રયાસ કરવામાં આવે છે. | ચિલ્ડ્રન હોમ |
| ૧૦૭. | ઉચ્ચ અભ્યાસ માટે બાળકોને શિષ્યવૃત્તિ | ● બાળ સંરક્ષણ ગ્રૃહમાંથી મુદત પુરી થયા બાદ છૂટતાં બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>● શિષ્યવૃત્તિનો દર રૂા. ૧૬,૦૦૦/- સુધી આપવામાં આવે છે.<br>● એચઆઈવી / એઈડ્સથી અનાથ બનેલા બાળકોને પણ આ શિષ્યવૃત્તિ મળે છે. | સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૦૮. | ઉછેર / દત્તકની કાર્યવાહી | • ગુજરાત રાજ્યમાં ૦થી ૬ વર્ષના અનાથ, નિરાધાર બાળકોને વહેલી તકે પુનઃ સ્થાપિત કરવાં માટે જરૂરીયાતમંદ વાલીઓ કે જેમને પોતાના બાળકો નથી તેવા દંપતિઓને આ અનાથ બાળકો ઉછેર / દત્તકમાં આપવામાં આવે છે.<br>• ગુજરાતમાં ૧૮ સંસ્થાઓને દેશમાં અને ૪ સંસ્થાઓને પરદેશમાં દત્તક આપવાની માન્યતા આપવામાં આવેલ છે.<br>• દત્તક લેવા ઈચ્છતા દંપતિની સામાજિક, કૌટુંબિક, આર્થિક, શૈક્ષણિક વિગેરે તમામ પાસાંઓની ચકાસણી કરી તેઓ બાળકના ઉછેર માટે યોગ્ય છે કે નહીં તે જોવામાં આવે છે. | સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |
| ૧૦૯. | બાળ માર્ગદર્શન કેન્દ્રો અને બાળ ગુનેગાર નિવારણ કેન્દ્રો | • રાજ્યમાં બિન સંસ્થાકીય પ્રવૃત્તિ તરીકે સ્વૈચ્છિક ધોરણે કુલ ૧૯ બાળ માર્ગદર્શન કેન્દ્રો અને સરકારી ધોરણે ૫ બાળ ગુન્હા નિવારણ કેન્દ્રો કાર્યરત છે.<br>• આ યોજનાનો હેતુ શહેરી સ્લમ વિસ્તારના બાળકોને રમત-ગમત, બાળ સાહિત્ય, વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના આયોજનથી રચનાત્મક પ્રવૃત્તિમાં વાળી, કેન્દ્રોમાં આવતા કરી, કેન્દ્રના સંગઠક દ્વારા શાળાએ જતા કરવાનો છે.<br>• શહેરી વિસ્તારમાં અમદાવાદ, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ ખાતે બાળ ગુન્હા નિવારણ કેન્દ્રો ચાલે છે. | જે-તે વિસ્તારમાં આવેલ કેન્દ્ર |
| **ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમની અલ્પ સંખ્યકો માટેની યોજનાઓ** | | | |
| ૧૧૦. | ઉચ્ચ શિક્ષણ ધિરાણ યોજના | • અલ્પ સંખ્યક સમુદાયના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટેની આ યોજના છે.<br>• ટુંકા ગાળાના અભ્યાસક્રમ માટે ૧ વર્ષના ૩ લાખ<br>• નોકરીની તકો વધારે હોય તેવા અભ્યાસક્રમ માટે વાર્ષિક મર્યાદામાં રૂા. ૨ લાખ અને વધુમાં વધુ રૂા. ૧૦ લાખ (પાંચ વર્ષના અભ્યાસ માટે)<br>• વિદેશમાં અભ્યાસ માટે વાર્ષિક મહત્તમ રૂા. ૪ લાખ અને વધુમાં વધુ રૂા. ૨૦લાખ (પાંચ વર્ષ માટે) | ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| | | ● વિદ્યાર્થીની ઉંમર ૧૬થી ૩૨ વર્ષ વચ્ચેની હોવી જોઈએ.<br>● વ્યાજનો વાર્ષિક દર ૩% રહેશે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૮૧,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૦૩,૦૦૦/- રહેશે. | |
| ૧૧૧. | મુદતી લોન યોજના | ● અલ્પ સંખ્યક સમુદાયના વ્યક્તિને નાનો ધંધો/ વ્યવસાય / સ્વરોજગારની પ્રવૃત્તિઓ માટે રૂા. ૫ લાખ સુધી વ્યક્તિગત ધિરાણ આપવામાં આવે છે.<br>● અરજદારની ઉંમર ૨૧થી ૪૫ વર્ષની હોવી જોઈએ.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૮૧,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૦૩,૦૦૦/- છે.<br>● વ્યાજનો દર વાર્ષિક ૬% લેખે<br>● કોઈ સબસીડી નથી.<br>● લોન ૬૦ સરખા માસિક હપ્તામાં નિગમને પરત ભરપાઈ કરવાની રહેશે. | ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ |
| ૧૧૨. | માર્જીન મની લોન યોજના | ● અલ્પ સંખ્યક સમુદાયના લાભાર્થીને બેંક દ્વારા થયેલ ધિરાણમાં ૩૫% માર્જીનની રકમ સુધી મદદરૂપ માટે આ લોન આપવામાં આવે છે.<br>● રૂા. ૧.૨૫ લાખની મર્યાદામાં લોન<br>● અરજદારની ઉંમર ૨૧થી ૪૫ વર્ષ વચ્ચે<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૫૫,૦૦૦/- સુધીની છે.<br>● વાર્ષિક ૩%નો વ્યાજ દર | ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ |
| ૧૧૩. | માઈક્રો ધિરાણ યોજના | ● રૂા. ૫૦,૦૦૦/- સુધીની લોન મળવાપાત્ર છે.<br>● વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૮૧,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૦૩,૦૦૦/-ની છે.<br>● વ્યાજનો વાર્ષિક દર ૫% સુધી<br>● આ લોન નિગમ સ્વસહાય જૂથોને તેમના સભ્યોને આપવા આપે છે. | ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| **ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની આર્થિક ઉત્કર્ષની યોજનાઓ** | | | |
| ૧૧૪. | મુદતી લોન | • સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારને કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓ, લઘુ ઉદ્યોગ, કારીગર અને પરંપરાગત ધંધાઓ, સેવા ક્ષેત્રો અને પરિવહન માટે આ લોન આપવામાં આવે છે.<br>• અરજદારની ઉંમર ૨૧થી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.<br>• અરજદારને તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધાઓના કિસ્સામાં અનુભવ હોવો જોઈએ.<br>• વાહન માટે લાયસન્સ હોવું જોઈએ.<br>• સહાયની વિગતઃ<br>  • મહત્તમ મર્યાદા રૂા. ૧૦ લાખ છે.<br>  • વ્યાજનો દર રૂા. ૫ લાખ સુધી વાર્ષિક ૬% અને રૂા. ૫ લાખથી ઉપર અને રૂ. ૧૦ લાખ સુધીની લોન માટે ૮%નો રહેશે.<br>  • વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૮૧,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૦૩,૦૦૦/-ની છે.<br>• લોન વ્યાજ સહિત ૬૦ સરખા માસિક હપ્તામાં ભરવાની રહેશે. | જિલ્લા નાયબ નિયામક કચેરી |
| ૧૧૫. | મહિલાઓ માટે ન્યુ સ્વર્ણિમ યોજના | • ગરીબી રેખા હેઠળ જીવતી પછાત વર્ગની મહિલાઓ માટે સ્વરોજગારી ઉભી કરી આત્મનિર્ભર કરવા માટેની મહિલાઓ માટેની ખાસ યોજના છે.<br>• અરજદાર મહિલા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની હોવી જોઈએ.<br>• અરજદારની ઉંમર ૨૧થી ૪૫ વર્ષ વચ્ચેની જરૂરી છે.<br>• વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૨૭,૫૦૦/-ની છે.<br>• આ યોજના હેઠળ રૂા. ૧ લાખની મર્યાદામાં વાર્ષિક વ્યાજદર ૫%ના પ્રમાણે આપવામાં આવે છે. | જિલ્લા નાયબ નિયામકની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
| --- | --- | --- | --- |
| ૧૧૬. | માઈક્રો ફાયનાન્સ યોજના | • સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અરજદારને આ ધિરાણ આપવામાં આવે છે.<br>• અરજદારની ઉંમર ૨૧થી ૪૫ વર્ષ વચ્ચેની હોવી જોઈએ.<br>• વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૮૧,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૦૩,૦૦૦/-ની છે.<br>• લોન મહત્તમ રૂા. ૫૦,૦૦૦ સુધી વાર્ષિક વ્યાજદર ૬%ના ધોરણે આપવામાં આવે છે. | જિલ્લા નાયબ નિયામકની કચેરી |
| ૧૧૭. | મહિલા સમૃદ્ધિ યોજના | • સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની મહિલાઓને સ્વરોજગારી ઉભી કરવા માટે આ લોન આપવામાં આવે છે.<br>• મહિલા અરજદારની ઉંમર ૨૧થી ૪૫ વર્ષ વચ્ચેની હોવી જોઈએ.<br>• વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૮૧,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૦૩,૦૦૦/-ની છે.<br>• આ યોજના હેઠળ મહિલા અરજદારને મહત્તમ રૂા. ૫૦,૦૦૦/- સુધીની લોન વાર્ષિક ૪%ના ધોરણે આપવામાં આવે છે. | જિલ્લા નાયબ નિયામકની કચેરી |
| ૧૧૮. | સ્વયંમ સક્ષમ યોજના | • આ યોજના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વ્યવસાયિક શિક્ષણ / પ્રશિક્ષણ પ્રાપ્ત કરનાર યુવાઓને આત્મનિર્ભર કરવા સ્વરોજગાર ઉભો કરવા માટેની છે.<br>• અરજદારની ઉંમર ૧૮થી ૩૫ વર્ષસુધીની હોવી જોઈએ.<br>• અરજદારે વ્યવસાયિક શિક્ષણ / તાલીમ પ્રાપ્ત કરેલી હોવી જરૂરી છે.<br>• અરજદારના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૮૧,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૦૩,૦૦૦/-ની છે.<br>• આ યોજના હેઠળ મહત્તમ લોન રૂા. ૧૦ લાખ સુધી મળી શકે છે.<br>• વ્યાજનો દર રૂા. ૫ લાખ સુધી વાર્ષિક ૬% અને રૂા. ૫ લાખથી રૂા. ૧૦ લાખ સુધી ૮%નો છે. | જિલ્લા નાયબ નિયામકની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૧૯. | કૃષિ સંપદા યોજના | ● આ યોજના ગરીબી રેખા હેઠળ જીવતા પછાત વર્ગોના ખેડૂતો માટેની સુક્ષ્મ ધિરાણ યોજના છે.<br>● અરજદાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવાં જોઈએ.<br>● અરજદારની ઉંમર ૨૧ વર્ષથી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.<br>● અરજદારના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૮૧,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૦૩,૦૦૦/-ની છે.<br>● મહત્તમ રૂા. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં લોન મળે છે.<br>● વ્યાજનો દર વાર્ષિક ૪% રહેશે. | જિલ્લા નાયબ નિયામકની કચેરી |
| **લઘુમતી સમયુદાયના વિદ્યાર્થીઓ માટે યોજનાઓ** | | | |
| ૧૨૦. | પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ | ● ધો-૧થી ૧૦માં સરકારી તેમજ ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાભ મળશે.<br>● છેલ્લી પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલા હોવાં જોઈએ.<br>● વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧ લાખની છે.<br>● કુટુંબ દીઠ બે બાળકોને લાભ મળી શકે.<br>● ૩૦% શિષ્યવૃત્તિ વિદ્યાર્થીનીઓ માટે આરક્ષિત કરવામાં આવેલ છે.<br>● મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ, પારસી સમુદાયોના તમામ વિદ્યાર્થીઓને લાભ મળી શકે.<br>● નીચે મુજબના દરે શિષ્યવૃત્તિ મળે છેઃ | |

| અભ્યાસક્રમ | હોસ્ટેલર | ડેસ્કોલર |
|---|---|---|
| ધો.૬ થી ૧૦ માટે પ્રવેશ ફી | વાર્ષિક રૂા. ૫૦૦/- (ખરેખર ખર્ચની મર્યાદામાં) | વાર્ષિક રૂા. ૫૦૦/- (ખરેખર ખર્ચની મર્યાદામાં) |
| ધો-૬થી ૧૦ માટે ટ્યુશન ફી | વાર્ષિક રૂા. ૩૫૦/- (ખરેખર ખર્ચની મર્યાદામાં) | રૂા. ૩૫૦/- વાર્ષિક (ખરેખર ખર્ચની મર્યાદામાં) |

<table>
<tr><th>ક્રમ</th><th>યોજનાનું નામ</th><th>યોજનાની વિગત</th><th>અમલીકરણ કરતી સંસ્થા</th></tr>
<tr><td></td><td></td><td>
<table>
<tr><td colspan="2">શૈક્ષણિક વર્ષ દરમ્યાન નિભાવ ભથ્થું</td><td>(ફક્ત ૧૦ પાસ માટે)</td></tr>
<tr><td>ધો-૧થી ૫ માટે</td><td>શૂન્ય</td><td>રૂા. ૧૦૦/- પ્રતિ માસ</td></tr>
<tr><td>ધો-૬થી ૧૦ માટે</td><td>રૂા. ૬૦૦/- (ખરેખર થયેલ ખર્ચની મયાર્દામાં)</td><td>રૂા. ૧૦૦/- પ્રતિ માસ</td></tr>
</table>
</td><td></td></tr>
<tr><td>૧૨૧.</td><td>પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ</td><td>
<ul>
<li>ધો-૧૦ પછીના અભ્યાસક્રમો માટે આ શિષ્યવૃત્તિ મળે છે.</li>
<li>છેલ્લી પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલા હોવાં જોઈએ.</li>
<li>વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨ લાખ છે.</li>
<li>કુટુંબ દીઠ બે બાળકોને લાભ મળી શકે.</li>
<li>રાજ્યની બહાર ભણતાં વિદ્યાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરી શકે છે.</li>
<li>૩૦% શિષ્યવૃત્તિ વિદ્યાર્થીનીઓ માટે આરક્ષિત કરવામાં આવેલ છે.</li>
<li>વિદ્યાર્થી દ્વારા જમા કરાવેલ હાર્ડકોપી સ્વીકારીને જે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) દ્વારા નિયત નમૂનામાં સોફટ કોપીમાં તૈયાર કરીને જે નિયત સમય ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ છે ત્યાં સુધીમાં જિલ્લા કક્ષાએ જમા કરાવી દેવાની જવાબદારી જે-તે શાળા / કોલેજની છે.</li>
<li>શિષ્યવૃત્તિનો દર:</li>
</ul>
<table>
<tr><td>નાણાંકીય સહાયના પ્રકાર</td><td>હોસ્ટેલર</td><td>ડેસ્કોલર</td></tr>
<tr><td>એડમીશન અને ટયુશન ફી ધો-૧૧ અને ૧૨</td><td>વધારેમાં વધારે રૂા.૭,૦૦૦/-</td><td>વધારેમાં વધારે રૂા.૭,૦૦૦/-</td></tr>
<tr><td>એડમીશન અને કોર્ષ ફી રૂા.૧૦,૦૦૦/- ધો-૧૧ અને ૧૨ (ટેકનીકલ અને વોકેશનલ કોર્ષ માટે)</td><td>રૂા.૧૦,૦૦૦/- (વાર્ષિક)</td><td>(વાર્ષિક)</td></tr>
</table>
</td><td></td></tr>
</table>

<table>
<tr><th>ક્રમ</th><th>યોજનાનું નામ</th><th>યોજનાની વિગત</th><th>અમલીકરણ કરતી સંસ્થા</th></tr>
<tr><td></td><td></td><td><table>
<tr><td>એડમીશન અને ટ્યુશન ફી (સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે)</td><td>રૂા. ૩,૦૦૦/- (વાર્ષિક)</td><td>રૂા. ૩,૦૦૦/- (વાર્ષિક)</td></tr>
<tr><td>મેઈનટેનન્સ માટે (૧૦ મહિના માટે)</td><td>રૂા. ૩૮૦/- પ્રતિ માસ</td><td>રૂા. ૨૮૦/- પ્રતિ માસ</td></tr>
<tr><td>એમ.ફીલ., પી.એચ.ડી., રીસર્ચ કરનાર</td><td>રૂા. ૧,૨૦૦/- પ્રતિ માસ</td><td>રૂા.૫૫૦/- પ્રતિ માસ</td></tr>
</table></td><td></td></tr>
<tr><td>૧૨૨.</td><td>મેરીટ કમ મીન્સ</td><td>
● લઘુમતી સમુદાયના તમામ વિદ્યાર્થીઓને લાભ મળી શકે.<br>
● છેલ્લી પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવાં જોઈએ.<br>
● વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨.૫૦ લાખની છે.<br>
● કુટુંબ દીઠ ૨ બાળકોને લાભ મળી શકે છે.<br>
● ૩૦% વિદ્યાર્થીનીઓ માટે આરક્ષિત કરવામાં આવેલ છે.<br>
● ભારત સરકારની અન્ય કોઈ શિષ્યવૃત્તિનો લાભ લીધેલ ન હોવો જોઈએ.<br>
● શિષ્યવૃત્તિ મેરીટના આધારે નક્કી કરવામાં આવશે.<br>
● શિષ્યવૃત્તિ મેળવવા નીચે મુજબના અભ્યાસક્રમો માન્ય છે:<br>
■ એન્જીનીયરીંગ અને ટેકનોલોજી કોર્ષ – એગ્રીકલ્ચર, ઓટો મોબાઈલ, બાયોકેમીકલ, બાયોટેકનોલોજી, સીરામીક એન્ડ ટેકનોલોજી, કેમીકલ, સીવીલ, ઈલેકટ્રીકલ, પર્યાવરણ, મીકેનીકલ, ફુડ ટેકનોલોજી, ઈન્ડસ્ટ્રીયલ, મેનેજમેન્ટ, માઈનીંગ, પ્રોડકશન, પેટ્રોલીયમ, હાઈવે વિગેરે...
</td><td></td></tr>
</table>

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| | | ■ સીમેન્ટ ટેકનોલોજી – પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન સીમેન્ટ ટેકનોલોજી<br>■ ફેશન ડિઝાઈનરને લગતા કોર્ષ - લેધર ડિઝાઈન, એસેસરીઝ, ટેક્ષટાઈલ વિગેરે...<br>■ મેનેજમેન્ટને લગતા કોર્ષ<br>■ ફાર્મસી–બી.ફાર્મ, એમ.ફાર્મ<br>■ આર્કીટેકચર અને ટાઉન પ્લાનિંગ – માત્ર સ્નાતક અને અનુસ્નાતક સમકક્ષ<br>■ હોટલ મેનેજમેન્ટ અને કેટરીંગ ટેકનોલોજી<br>■ માત્ર સ્નાતક અને અનુસ્નાતક સમકક્ષ<br>■ ફાઈન આર્ટ અને અન્ય કોર્ષો.<br>■ માસ્ટર ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન (એમ.સી.એ.)<br>■ મેડીકલ અને પેરા મેડીકલ કોર્ષ<br>■ વેટરનરી સાયન્સ અને એનીમલ હસ્બન્ડરી<br>■ સી.એ., કંપની સેક્રેટરી<br>■ કાયદાકીય અભ્યાસ | |

| નાણાંકીય સહાયના પ્રકાર | હોસ્ટેલર માટેના દર | ડેસ્કોલર માટેના દર |
|---|---|---|
| મેઈનટેનન્સ સહાય (૧૦ મહિના) | રૂા. ૧૦,૦૦૦/- (પ્રતિ માસ રૂા. ૧,૦૦૦/-) | રૂા. ૫,૦૦૦/- (વાર્ષિક) |
| કોર્ષ ફી | રૂા. ૨૦,૦૦૦/- (વાર્ષિક) અથવા વાસ્તવિક ખર્ચ મુજબ જે ઓછુ થયેલ હોય તે | રૂા. ૨૦,૦૦૦/- (વાર્ષિક) અથવા વાસ્તવિક ખર્ચ મુજબ જે ઓછુ થયેલ હોય તે |
| કુલ | રૂા. ૩૦,૦૦૦/- | રૂા. ૨૫,૦૦૦/- |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૨૩. | મૌલાના આઝાદ શિષ્યવૃત્તિ | • લઘુમતી સમુદાયના તમામ વિદ્યાર્થીઓને લાભ મળી શકે.<br>• ધો-૧૦માં ૫૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવાં જોઈએ. (રાજયમાંથી મળેલ અરજીઓના મેરીટના આધારે શિષ્યવૃત્તિ મળશે.)<br>• વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧ લાખની છે.<br>• ધો-૧૧માં પ્રવેશ થયેલ હોવો જોઈએ. (જયા પ્રવેશ મેળવેલ હોય તેવી શૈક્ષણિક સંસ્થાના સહીં સિક્કા ફોર્મમાં લેવા પડશે.)<br>• ભારત સરકાર કે રાજય સરકાર દ્વારા અન્ય કોઈ શિષ્યવૃત્તિનો લાભ લીધેલ ન હોવો જોઈએ.<br>• ફોર્મ મૌલાના આઝાદ ફાઉન્ડેશનની વેબસાઈટ www.maef.nic.in ઉપરથી મેળવી શકાશે.<br>• ફોર્મ મૌલાના આઝાદ શિક્ષા પ્રતિષ્ઠાન, સામાજિક ન્યાય સેવા કેન્દ્ર, ચેમ્સ ફોર્ડ રોડ, નવી દિલ્હી–૧૧૦૦૫૫. ને મોલકવાનું રહેશે.<br>• શિષ્યવૃત્તિનો દરઃ<br>  • ધો-૧૧ – રૂા. ૬,૦૦૦/- (ધો-૧૧ પાસ થઈને ધો-૧૨માં જાય તો)<br>  • ધો-૧૨–રૂા. ૬,૦૦૦/- (જયારે ધો-૧૧નો ચેક આવે છે તેની સાથે એક પેજનું ફોર્મ હોય તેને ભરીને ધો-૧૧ની માર્કશીટ જોડીને દિલ્હી ઉપરોકત સરનામે મોકલવવાથી બીજો ચેક મળશે. | જિલ્લા નાયબ નિયામકની કચેરી |
| | | **અન્ય યોજનાઓ** | |
| ૧૨૪. | નિરાધાર વિધવા મહિલાઓને પુનઃસ્થાપના માટે આર્થિક સહાય યોજના (વિધવા સહાય) | • ૧૮ વર્ષથી ૪૦ વર્ષની ઉંમરની વિધવા મહિલાને તેમજ ૪૦થી ૬૦ વર્ષ સુધીની નિરાધાર વિધવા મહિલાઓને આ યોજના હેઠળ સહાય મળે છે.<br>• વિધવા મહિલાને ૨૧ વર્ષથી વધારે ઉંમરનો પૂત્ર હોવો ન જોઈએ. (શારિરીક કે માનસિક અપંગતા, આજીવન કારાવાસ, કે મૃત્યુ થયેલ હોય તેવા કિસ્સામાં ૨૧ વર્ષથી વધારે ઉંમરના પૂત્ર હોવા છતા લાભ મળશે.) | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| | | ● ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂા. ૬૮,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા નિરાધાર વિધવા મહિલાને સહાય મળે છે.<br>● ગુજરાત રાજયમાં વસવાટ કરતા હોવાં જોઈએ.<br>● વિધવા મહિલા પતિના મૃત્યુ પછી અરજી કરી શકે છે તેની કોઈ સમય મર્યાદા રાખવામાં આવેલ નથી. પરંતુ સહાયનો લાભ અરજી કર્યાના તારીખથી મળવાપાત્ર થશે.<br>● આ યોજનાનો લાભ મેળવનાર ૧૮થી ૪૦ વર્ષની વયજૂથના તમામ મહિલાને ફરજીયાત પણે ૨ વર્ષમાં સરકારમાન્ય કોઈ પણ ટ્રેડની તાલીમ મેળવવાની રહેશે.<br>● આ યોજના હેઠળ લાભાર્થીઓએ દર વર્ષે જૂલાઈ માસમાં તેમણે પુનઃલગ્ન નથી કર્યા તેનો મામલતદારશ્રી અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે પછી જ બીજા વર્ષની સહાય મળવા પાત્ર થશે.<br>● વિધવા મહિલાને આર્થિક સહાય રૂા. ૭૫૦/- અને બે બાળકોની મર્યાદામાં બાળકદીઠ રૂા. ૧૦૦/-ની સહાય દરમાસે ચૂકવવામાં આવશે.<br>● ૧૮થી ૪૦ વર્ષની વયજૂથના વિધવા મહિલાઓને તાલીમમાં જોડાયા બાદ તાલીમ પૂર્ણ કરતા માનવ ગરિમા યોજના સાધન સહાય ચૂકવવા પાત્ર થશે અથવા સ્વરોજગારની લોન માટે તે મુજબ માર્જીન મની આપવા પાત્ર થશે. તાલીમમાં જોડાયાનો સર્ટી રજૂ કર્યા પછી આગળ તેમને વિધવા સહાય ચાલુ રહેશે. | |
| ૧૨૫. | ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્શન યોજના | ● ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ૬૦થી ૭૯ વયવાળા વૃદ્ધોને ગરીબી રેખાની યાદી પર નામ ધરાવનાર વૃદ્ધોને રૂા. ૪૦૦/- અને ૭૯ વર્ષની વયથી ઉપરના વૃદ્ધોને રૂા. ૭૦૦/- ત્રિમાસિક સહાય મનીઓર્ડરથી ચૂકવવામાં આવે છે. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૨૬. | પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના | • પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અકસ્માત મૃત્યુના બનાવોમાં વળતર આપવાની યોજના છે.<br>• ૧૮થી ૭૦ વર્ષની કોઈ પણ વ્યક્તિ જેનું બેંકમાં ખાતું હોય તે આ યોજના માટે લાયક છે.<br>• વાર્ષિક હપ્તો રૂા. ૧૨ છે.<br>• જે વ્યક્તિ આ યોજનાનો લાભ લેવા ઈચ્છતી હોય તેમણે તેમની બેંકમાં ફોર્મ ભરવાનું રહે છે.<br>• વીમા ધારકનું અકસ્માતે મૃત્યુ થાય અથવા સંપૂર્ણ અશક્તતા આવે તો રૂા. ૨ લાખ અને આંશિક અશક્તતામાં રૂા. ૧ લાખનું વળતર મળી શકે.<br>• દર વર્ષની ૧ જૂન પહેલાં ખાતેદારે તેમની બેંકમાં એક ફોર્મ ભરીને આ યોજના ચાલુ કરી શકે છે. | તમામ બેંકો |
| ૧૨૭. | પ્રધાનમંત્રી જીવન જયોત વીમા યોજના | • પ્રધાનમંત્રી જીવન જયોત વીમા યોજનાએ જીવન વીમાની યોજના છે.<br>• બેંકનાં ખાતેદાર કે જેમની ઉંમર ૧૮થી ૫૦ વર્ષ વચ્ચે હોય તે આ યોજનાનો લાભ લઈ શકે છે.<br>• વાર્ષિક હપ્તો રૂા. ૩૩૦/-નો છે.<br>• વીમા ધારકનું કોઈ પણ કારણથી મૃત્યુ થાય તો તેના વારસદારને રૂા. ૨ લાખનો વીમો મળે છે.<br>• જે ખાતેદાર આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેણે તેમની બેંકમાં ફોર્મ ભરવાનું રહે છે.<br>• દર વર્ષની ૧ જૂન પહેલાં ખાતેદારે ફોર્મ ભરવું જરૂરી છે. | તમામ બેંકો |
| ૧૨૮. | અટલ પેન્શન યોજના | • અટલ પેન્શન યોજના ૧ જૂન, ૨૦૧૫થી અમલમાં આવી છે.<br>• આ યોજના અસંગઠીત ક્ષેત્રમાં કામ કરતાં વ્યક્તિઓ માટે છે.<br>• યોજનામાં જોડાનાર વ્યક્તિ જયારે કમાતી ન હોય ત્યારે તેને માસિક આવક આપવામાં આવે છે.<br>• ૧૮થી ૪૦ વર્ષની વ્યક્તિ જોડાઈ શકે છે.<br>• જે વ્યક્તિનું બેંકમાં ખાતુ હોય અને અન્ય કાનુની સામાજીક સુરક્ષા યોજના હેઠળ ન હોય તેવા તમામ જોડાય શકે છે. | તમામ બેંકો |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| | | ● આ યોજનામાં જોડાનારે દર માસે નક્કી કર્યા મુજબની રકમ ૬૦ વર્ષની ઉંમર સુધી જમા કરાવવાની રહે છે.<br>● ૬૦ વર્ષ પૂર્ણ થતાં, વ્યક્તિને રૂા. ૧,૦૦૦/- થી રૂા. ૫,૦૦૦/- સુધીનું માસિક પેન્શન તેનાં ખાતામાં જમા થયેલ રકમના આધારે મળવા પાત્ર છે.<br>● આમ રૂા. ૧,૦૦૦/- થી રૂા. ૫,૦૦૦/-ના પેન્શન માટે ખાતેદારે નક્કી કર્યા મુજબ માસિક હપ્તો ચૂકવવાનો રહેશે.<br>● વધારે રકમનું પેન્શન મેળવવા માટે માસિક હપ્તાની રકમ વધારે ભરવાની રહેશે. | |
| ૧૨૯. | બારકોડેડ રેશનકાર્ડ | ● રાજયના ગરીબ લોકોને અન્ન સુરક્ષા પુરી પાડવા માટે તેમજ રાજયની જાહેર વિતરણ વ્યવસ્થાના માળખાને સુદ્રઢ બનાવવા માટે લક્ષીત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થી કાર્ડધારકની ખરાઈ તેમજ કેટેગરીવાઈઝ યોગ્ય વર્ગીકરણ માટે હાલના કાર્ડધારકોને નવા બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવે છે.<br>● વ્યક્તિ / કુટુંબની વિગતવાર માહિતી એકઠી કરવી, લાભાર્થીને મળવાપાત્ર યોગ્ય રેશનકાર્ડ આપવું, લાભાર્થીને અનાજ અને કેરોસીનનો પુરતો જથ્થો પુરો પાડવો વિગેરે હેતું છે.<br>● બારકોડેડ રેશનર્કાડ આપવાની તમામ પ્રક્રિયા કોમ્પ્યુટરાઈઝડ છે. દરેક કેટેગરીમાં કાર્ડધારક કુટુંબની ઓછામાં ઓછી એક વ્યક્તિનો ફોટો અને આંગળીની છાપ મેળવવામાં આવે છે. | ગ્રામ પંચાયત, મામલતદારની કચેરી |
| ૧૩૦. | અન્નપૂર્ણા યોજના | ● આ યોજના હેઠળ ગરીબ કુટુંબો ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધો કે જેઓ રાષ્ટ્રીય નિરાધાર માટેની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવા પાત્ર હોય પરંતુ પેન્શન મળતું નથી તેવા નાગરિકોને માસિક ૧૦ કિગ્રા અનાજ વિના મૂલ્યે આપવામાં આવે છે. | ગ્રામ પંચાયત, મામલતદારની કચેરી, સસ્તા અનાજની દુકાન |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૩૧. | અન્નમ બ્રહમ યોજના | ● ભુખમરા અને કુપોષણથી થતાં મૃત્યુને રોકવાં માટે તેમજ ઘરવિહોણા વ્યક્તિ / કુટુંબ તથા અન્ય બાળકોને અન્ન સલામતી આપવા માટે અન્નમ બ્રહમ યોજના અમલમાં છે.<br>● આ યોજનામાં રેશનકાર્ડ ન ધરાવતી વ્યક્તિ / કુટુંબ તેમજ હોસ્પિટલના બીછાને પડેલ દર્દી તેમજ જરૂરીયાતમંદ વ્યક્તિનો સમાવેશ થાય છે.<br>● આ યોજના હેઠળ ૬ માસ માટે પ્રતિ માસ ૧૦થી ૧૫ કિગ્રા અનાજ મફતમાં આપવામાં આવે છે. | ગ્રામ પંચાયત, મામલતદારની કચેરી, સસ્તા અનાજની દુકાન |
| ૧૩૨. | અંત્યોદય અન્ન યોજના | ● ગરીબમાં પણ સૌથી વધુ ગરીબ વ્યક્તિ / કુટુંબો માટેની આ યોજના છે.<br>● આ યોજના હેઠળ લાભાર્થીઓને ઘઉં ૧૯ કિગ્રા રૂ. ૨ પ્રતિ કિગ્રા અને ચોખા ૧૬ કિગ્રા રૂ. ૩ પ્રતિ કિગ્રાના ભાવે એમ કુલ ૩૫ કિગ્રા અનાજ આપવામાં આવે છે. | ગ્રામ પંચાયત, મામલતદારની કચેરી, સસ્તા અનાજની દુકાન |
| ૧૩૩. | જનની સુરક્ષા યોજના | ● જનની સુરક્ષા યોજનામાં રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશન અંતર્ગત ગરીબ સગર્ભા બહેનોને સંસ્થાકીય પ્રસુતિ માટે સહાય આપવામાં આવે છે.<br>● આ યોજના ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત છે.<br>● આ યોજનાનો લાભ લેવા માટે સ્ત્રી આરોગ્ય કાર્યકર / આશા (માન્ય સામાજીક આરોગ્ય કાર્યકર) ગરીબ પ્રસુતા અને સરકારને સાંકળતી કડી છે.<br>● આ યોજના હેઠળ પ્રસુતિના ૮ થી ૧૨ અઠવાડીયા પહેલાં રૂ. ૭૦૦/- ગ્રામ્ય વિસ્તારની અને રૂ. ૬૦૦/- શહેરી વિસ્તારની લાભાર્થી સગર્ભાઓને સહાય ચૂકવવામાં આવે છે.<br>● આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બી.પી.એલ. કુટુંબની લાભાર્થી સગર્ભાઓને સહાય મળે છે. | આરોગ્ય કાર્યકર / આશા, ગ્રામ પંચાયત |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૩૪. | જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ | ● જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ તમામ સગર્ભાઓને જાહેર આરોગ્યની સંસ્થાઓમાં વિનામૂલ્યે સામાન્ય તેમજ સિજેરીયન પ્રસુતિ સહિતની સંપૂર્ણ માતૃત્વ સેવાઓ પુરી પાડવામાં આવે છે.<br>● જયારે નવજાત શિશુને જન્મબાદ ૧ વર્ષ સુધી આરોગ્યલક્ષી તમામ સારવાર માટે આવવા-જવા વિના મૂલ્યે પરિવહન સગવડ સહિત સેવાઓ પૂરી પાડવામાં આવે છે. | આરોગ્ય કાર્યકર / આશા, ગ્રામ પંચાયત |
| ૧૩૫. | ખિલખિલાટ | ● આ યોજના હેઠળ તંદુરસ્ત માતા અને તંદુરસ્ત બાળક ઘરે તરત પહોંચે તે માટે સરકારી દવાખાનામાંથી માતા અને નવજાત શિશુને પ્રસુતિ બાદ ઘરે મુકવા માટે ખિલખિલાટ વાહનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>● ગુજરાતમાં કુલ ૧૩૮ વાહનો કાર્યરત છે. | સરકારી દવાખાનું |
| ૧૩૬. | સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ | ● આ કાર્યક્રમ હેઠળ બાળકના જીવનને જોખમમાં મુકે તેવી પરિસ્થિતિઓ સામે રક્ષણ આપતો એક ચાવીરૂપ કાર્યક્રમ છે.<br>● આ યોજના હેઠળ ઝેરી કમળો, ક્ષય, બાળ લકવો, ડિપ્થેરીયા, ઉટાંટીયુ, ધનુર, હીળ અને ઓરી જેવાં ૮ ઘાતક રોગો સામે રક્ષણ અપાય છે.<br>● નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં નોંધણી કરાવવી જરૂરી છે. | સરકારી દવાખાનું |
| ૧૩૭. | મમતા દિવસ | ● કુપોષણ ઘટાડવા માટે મમતા દિવસની શરૂઆત કરવામાં આવી છે.<br>● આ દિવસે રસીકરણ, પૂર્વ પ્રસુતિ નોંધણી, માતા અને બાળકના વૃદ્ધિની ચકાસણી જેવી પ્રવૃત્તિઓ દરેક ગામમાં મહિનાના એક બુધવારે હાથ ધરાય છે. | આંગણવાડી, આશા વર્કર |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૩૮. | કસ્તુરબા પોષણ સહાય યોજના | • ગરીબી રેખા હેઠળની માતા સગર્ભાવસ્થાના સમયગાળા દરમિયાન પર્યાપ્ત પોષણ અને આરામ માટે રૂા. ૬,૦૦૦/-ની રોકડ સહાય આપવામાં આવે છે.<br>• સગર્ભા સ્ત્રીને પહેલાં હપ્તા પેટેના રૂા. ૨,૦૦૦/-ની સહાય મમતા દિવસે સગર્ભાવસ્થાના ૧૨ અઠવાડિયામાં નોંધણી કરાવ્યા બાદ મળવા પાત્ર છે.<br>• સગર્ભા સ્ત્રીને બીજા હપ્તાના રૂા. ૨,૦૦૦/- સરકારી સંસ્થા કે ચિરંજીવી ડોકટર પાસે પ્રસુતિના એક અઠવાડિયામાં મળવાપાત્ર છે.<br>• માતાને જન્મેલ બાળકને સંપૂર્ણ રસીરકણના શીડયુલ મુજબ તમામ રસી મુકાવેથી અને વિટામીન-એનો પ્રથમ ડોઝ અપાયા બાદ બાળકના જન્મના ૯ માસ પછી પરંતુ ૧૨ મહિના પહેલાં પૂર્ણ કરે તે પહેલાં રૂા. ૨,૦૦૦/-નો ત્રીજો હપ્તો ચૂકવવામાં આવશે. | ગ્રામ પંચાયત, આશા વર્કર, તાલુકા પંચાયત |
| ૧૩૯. | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના | • આ યોજના હેઠળ અસંગઠિત ક્ષેત્રના મુખ્યત્ત્વે ગરીબી રેખા હેઠળના મહત્તમ ૫ વ્યક્તિના કુટુંબને લાભ મળવાપાત્ર છે.<br>• કુટુંબમાં કુટુંબના વડા, પત્ની અને આધારીત ૩ બાળકોનો સમાવેશ થાય છે.<br>• આ યોજના હેઠળ નોંધાયેલ કુટુંબને વાર્ષિક રૂા. ૩૦,૦૦૦/- સુધીનું આરોગ્ય વીમા કવચ દર વર્ષે પુરૂ પાડવામાં આવે છે.<br>• ગરીબી રેખા હેઠળના કુટુંબોને યોજના હેઠળ સ્માર્ટ કાર્ડ આપવામાં આવે છે.<br>• સરકારી દવાખાના અને નક્કી કર્યા મુજબના ખાનગી દવાખાનામાં કેશલેસ સુવિધાઓ આપવામાં આવે છે. | કિઓસ્ક કેન્દ્ર, ગામમાં નોંધણી માટે આવતા એજન્ટ |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૪૦. | મુખ્યમંત્રી અમૃત્મ 'મા' યોજના | ● આ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળના કુટુંબોને ગંભીર પ્રકારની બીમારીઓમાં કેશલેસ સારવાર આપવામાં આવે છે.<br>● ગંભીર પ્રકારની બીમારીઓમાં હૃદયરોગ, મગજના રોગો, દાઝવું જેવી ગંભીર ઈજા, કેન્સર, કીડની અને નવજાત શિશુઓના ગંભીર રોગોનો સમાવેશ થયા છે.<br>● આ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળના લાભાર્થીઓની સારવારનો નિયત ખર્ચ માન્ય હોસ્પિટલને સીધો નિયંત્રિત ખાસ તંત્ર / એજન્સી દ્વારા ચૂકવવામાં આવે છે.<br>● આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીએ કાર્ડ કઢાવવું જરૂરી છે.<br>● હવે આ યોજનાનો લાભ વાર્ષિક રૂા. ૧,૨૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા કુટુંબોની મહિલા અને તેમના ૨૧ વર્ષ સુધીના બાળકો સુધી પણ 'મા વાત્સલ્ય' હેઠળ આપવામાં આવે છે. | કિઓસ્ક કેન્દ્ર, ગામમાં નોંધણી માટે આવતા એજન્ટ |
| ૧૪૧. | ગુજરાત કેન્સર અને રીસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ (કેન્સર હોસ્પિટલ, અમદાવાદ) | ● આ સંસ્થા અમદાવાદ શહેરમાં આવેલી છે અને વિવિધ પ્રકારના કેન્સરના રોગોમાં સારવાર આપે છે.<br>● આ સંસ્થામાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા તમામ અને અનુસૂચિત જનજાતિના કેન્સરના તમામ દર્દીઓને વિનામૂલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે.<br>● વાર્ષિક ૨ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના કેન્સરના દર્દીઓને ૫૦% રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.<br>● વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને વિના મૂલ્યે તબીબી સારવાર અને રૂા. ૫૦,૦૦૦/-થી વધુ આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને ૫૦% રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે. | કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૪૨. | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીઓલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ | ● આ હોસ્પિટલ અમદાવાદ શહેરમાં આવેલી છે. આ સંસ્થા ખાતે હૃદયરોગની આધુનિક અને ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે.<br>● આ સંસ્થામાં એન્જીયોગ્રાફી, બાયપાસ સર્જરી અને બલુન પ્લાસ્ટી જેવી સારવાર આપવામાં આવે છે.<br>● આ સંસ્થામાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા તમામ અને અનુસૂચિત જનજાતિના હૃદયરોગના તમામ દર્દીઓને વિના મૂલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે.<br>● વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને વિના મૂલ્યે તબીબી સારવાર અને રૂા. ૫૦,૦૦૦/-થી વધુ આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને ૫૦% રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.<br>● વાર્ષિક ૨ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના કેન્સરના દર્દીઓને ૫૦% રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે. | કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |
| ૧૪૩. | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીસ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ | ● ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીસ એન્ડ રિસર્ચ સેન્ટર કિડનીને લગતા રોગોની સારવાર માટેની અમદાવાદ ખાતેની અદ્યતન હોસ્પિટલ છે.<br>● આ હોસ્પિટલમાં ડાયાલીસીસ, કિડની ટ્રાન્સપ્લાન્ટ અને લીવર ટ્રાન્સપ્લાન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.<br>● આ સંસ્થામાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા તમામ અને અનુસૂચિત જનજાતિના કિડનીના તમામ દર્દીઓને વિના મૂલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે.<br>● વાર્ષિક ૨ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના કેન્સરના દર્દીઓને ૫૦% રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.<br>● આ ઉપરાંત, આ સંસ્થામાં વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને વિના મૂલ્યે તબીબી સારવાર અને રૂા. ૫૦,૦૦૦/-થી વધુ આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને ૫૦% રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે. | કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત | અમલીકરણ કરતી સંસ્થા |
|---|---|---|---|
| ૧૪૪. | સરદાર આવાસ યોજના | ● સરદાર આવાસ યોજના ગ્રામ્ય વિસ્તારમાં વસતા ગરીબી રેખા હેઠળના કુટુંબોને આવાસ આપવા માટે છે.<br>● આ યોજના હેઠળ બાંધવામાં આવતા મકાનો ધાબા અથવા મેંગલોરી નળિયાની છતવાળા બનાવવાની મજૂરી તથા ઈંટોના બદલે સીમેન્ટના હોલો બ્લોક તથા સ્ટોન મશીનરી અને બેલાસ્ટોન વાપરવાની છૂટ તથા મકાન લાભાર્થી પોતે બાંધી શકે તેવી છૂટછાટ આપવામાં આવે છે.<br>● આ યોજના હેઠળ યુનિટ કોસ્ટ રૂા. ૪૫,૦૦૦/-ની સહાય તથા રૂા. ૭,૦૦૦/- લાભાર્થી શ્રમફાળો તેમજ રૂા. ૨,૨૦૦/- શૌચાલય બનાવવા માટે તેમજ રૂા. ૩૦૦/- લાભાર્થી શ્રમફાળો એમ મળી કુલ રૂા. ૫૪,૫૦૦/- આપવામાં આવે છે. | ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત |
| ૧૪૫. | ઈન્દિરા આવાસ | ● ગ્રામીણ વિસ્તારના ગરીબી રેખા હેઠળ જીવતા ગ્રામીણ ગરીબોને પાકા મકાનની સુવિધા પુરી પાડવાનો આ યોજનાનો હેતુ છે.<br>● આ યોજના કેન્દ્ર પુરસ્કૃત છે.<br>● પ્રત્યેક આવાસ દીઠ સહાયની રકમ રૂા. ૭૦,૦૦૦/- આપવામાં આવે છે.<br>● આ યોજના હેઠળ આવાસ સુધારણા માટે રૂા. ૧૫,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. | ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત |
| ૧૪૬. | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) | ● વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધીના પાંચ વર્ષના સમયગાળા માટે નિર્મળ ભારત અભિયાનને પુનઃગઠન કરીને 'સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)' નામ આપવામાં આવ્યું છે.<br>● આ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળના લાભાર્થીઓને વ્યક્તિગત શૌચાલય બાંધવા માટે પ્રોત્સાહક રકમ રૂા. ૧૨,૦૦૦/- આપવામાં આવે છે.<br>● આ યોજના હેઠળ ગરીબી રેખા ઉપરના કુટુંબોને પણ આ યોજના હેઠળ સહાય મળવાપાત્ર છે. તેમાં નાના સીમાંત ખેડૂત, અનુસૂચિત જાતિ, જે કુટુંબના વડા શારિરીક રીતે અપંગ હોઈ તેમજ કુટુંબની મહિલા વડા જે વિધવા કે ત્યકતા હોય તેમનો સમાવેશ થાય છે. | ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત |

<table>
<tr><th>ક્રમ</th><th>યોજનાનું નામ</th><th>યોજનાની વિગત</th><th>અમલીકરણ કરતી સંસ્થા</th></tr>
<tr><td>૧૪૭.</td><td>સંકલિત બાળ વિકાસ યોજના (આંગણવાડી)</td><td>
<ul>
<li>આ યોજના અંતર્ગત ગુજરાતમાં ૫૨,૧૩૭ આંગણાવાડી કેન્દ્રો કાર્યરત છે.</li>
<li>આ યોજનામાં બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને પુરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, રોગ પ્રતિકારક રસીઓ, આરોગ્ય તપાસ સંદર્ભ સેવાઓ, આરોગ્ય અને પોષણ વિષયક માર્ગદર્શન આપવામાં આવે છે.</li>
<li>આ યોજનાની સેવાઓ અને લાભાર્થીઓની વિગત નીચે મુજબ છેઃ</li>
</ul>
<table>
<tr><td>સેવાઓ</td><td>લાભાર્થીઓ</td></tr>
<tr><td>પુરક પોષણ</td><td>૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભા, ધાત્રી અને કિશોરીઓ</td></tr>
<tr><td>પૂર્વ પ્રાથમિક શિક્ષણ</td><td>૩થી ૬ વર્ષના બાળકો</td></tr>
<tr><td>રસીકરણ</td><td>૦-૬ વર્ષના બાળકો અને સગર્ભા</td></tr>
<tr><td>આરોગ્ય તપાસ</td><td>૦-૬ વર્ષના બાળકો, સગર્ભા, ધાત્રી અને કિશોરીઓ</td></tr>
<tr><td>રેફરલ સેવાઓ</td><td>૦-૬ વર્ષના બાળકો, સગર્ભા, ધાત્રી અને કિશોરીઓ</td></tr>
<tr><td>આરોગ્ય પોષણ શિક્ષણ</td><td>૧૪થી ૪૫ વર્ષની મહિલાઓ</td></tr>
</table>
</td><td>આંગણવાડી</td></tr>
</table>

# અગત્યની માહિતી

## ૧. સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે ક્યા ક્યા અગત્યના પુરાવાઓ હોવા જરૂરી છે?

કોઈ પણ યોજના માટે નીચેના પુરાવાઓ હોવા ખૂબ જરૂરી છે:

- રહેઠાણનો પુરાવો
- જાતિનો દાખલો
- આવકનો દાખલો
- ઓળખનો પુરાવો
- જન્મનો દાખલો
- મરણનો દાખલો

રહેઠાણના પુરાવા તરીકે ફોટો સાથે રેશનકાર્ડ, મતદારકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, આવકવેરા આકારણી હુકમ, અરજદારે આપેલ સરનામે ટપાલ ખાતાની ટપાલો, બેંક / કિસાન / પોસ્ટ ઓફિસ ચાલુ પાસબુક, ઘરવેરા બીલ, છેલ્લું વીજળી, ટેલીફોન, ગેસ જોડાણ બીલ વિગેરેનો ઉપયોગ કરી શકાય છે.

ઓળખના પુરાવા તરીકે ફોટા સાથેનું રેશનકાર્ડ, મતદારકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, બેંક/ કિસાન / પોસ્ટ ઓફિસની ફોટા સાથેની ચાલુ પાસબુક, હથિયારનું લાયસન્સ, સરકાર દ્વારા આપેલ ઓળખપત્ર, ફોટા સાથેનું પેન્શનકાર્ડ વિગેરેનો ઉપયોગ કરી શકાય છે.

## ૨. ઉપર મુજબના પુરાવાઓ ન હોય તો શું કરવું?

કોઈ પણ સરકારી યોજનાનો લાભ લેવા માટે ઉપર મુજબના પુરાવાઓ અરજદાર પાસે હોવા ખૂબ જરૂરી છે અને પુરાવાઓ ન હોય તો મેળવી લેવા હિતાવહ છે. પુરાવાઓ ક્યાંથી મળશે તેની માહિતી નીચે આપવામાં આવી છે:

| પુરાવો | ક્યાંથી મળશે? |
|---|---|
| આધારકાર્ડ | તમારા વિસ્તારમાં સરકાર દ્વારા નિયત કરેલ સ્થળેથી મેળવી શકાય છે. |
| મતદારકાર્ડ | દર વર્ષે ચુંટણી પંચ દ્વારા મતદાર નોંધણી અને સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવે છે. તે સમયે મતદારકાર્ડ મળી શકે છે. |
| આવકનો દાખલો | સરકારના પરિપત્ર મુજબ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તલાટી કમ મંત્રી, ધારાસભ્ય, સંસદ સભ્ય વિગેરે પાસેથી આવકનો દાખલો મેળવી શકાય છે. |
| જાતિનો દાખલો | જાતિનો દાખલો ગ્રામ પંચાયત, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પાસેથી મેળવી શકાય છે. |

| | |
|---|---|
| જન્મનો દાખલો | જન્મના દાખલા માટે જે તે વ્યક્તિનો જે સ્થળે (ગ્રામપંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા અને હોસ્પિટલ) જન્મ થયો હોય અને નોંધણી કરાવી હોય ત્યાંથી મળી શકે છે. |
| મરણનો દાખલો | મરણના દાખલા માટે જે તે વ્યક્તિનો જે સ્થળે (ગ્રામપંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા અને હોસ્પિટલ) મરણ થયુ હોય અને નોંધણી કરાવી હોય ત્યાંથી મળી શકે છે. |

## ૩. તમારા વિસ્તારમાં પાયાની સુવિધાઓ જેવી કે ગટર, વીજળી, રસ્તો વિગેરે સામુહિક સુવિધાઓ કેવી રીતે મેળવવી?

સામુહિક યોજનાઓનો લાભ મેળવવા નીચે મુજબના પગલાંઓ લેવા જોઈએ:

- તમારા વિસ્તારના વિકાસ માટે કઈ કઈ યોજનાઓ મંજૂર થઈ છે અને તે યોજના હેઠળ કેટલા નાણાંની ફાળવણી થઈ છે તે અંગેની માહિતી જે–તે સરકારી કચેરીમાંથી સમુદાયે મેળવવી જોઈએ અને તે બાબતે સમુદાયમાં જાગૃતિ ઉભી થાય તે ખૂબ અનિવાર્ય છે.
- સામૂહિક વિકાસ માટેની ફાળવણીની માહિતીના આધારે વિસ્તારના સરકારી અધિકારીઓ અને લોક પ્રતિનિધિઓ જેવા કે ધારાસભ્ય, સંસદસભ્ય, નગર પાલિકા અને મહાનગર પાલિકાનાં પ્રમુખ વિગેરેને વારંવાર લેખિત મૌખિક રજૂઆત કરવી જોઈએ.
- વિસ્તારમાં સુવિધાઓ માટે લોકો સંગઠિત થાય અને વિવિધ સ્તરે રજૂઆત કરે તે જરૂરી છે.
- વિવિધ સ્તરે રજૂઆત કરવા છતાં પણ સુવિધાઓ મળે નહી તો સમુદાયના લોકો કાનૂની પગલાંઓ લઈને ન્યાય મેળવી શકે છે.

## ૪. અન્ય સેવાઓ જેવી કે આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા વિગેરે લોકોને સારી રીતે મળે તે માટે શું કરી શકાય?

તમારા વિસ્તારમાં આવેલી સરકારી પ્રાથમિક શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાંથી વિસ્તારના લોકોને સારી અને સમયસર સુવિધાઓ મળે તે માટે રજૂઆત કરવી જોઈએ અને તે સંસ્થાઓની જાળવણી કરવામાં સમૂદાયની ભાગીદારી જરૂરી છે.

## ૫. માહિતી અધિકાર કાયદામાં કઈ કઈ જોગવાઈઓ છે?

- માહિતી અધિકાર કાયદો, ૨૦૦૫ હેઠળ ભારત દેશના તમામ નાગરિકો સરકાર અને સરકારી સંસ્થાઓ પાસેથી માહિતી માંગી શકે છે.
- દરેક સરકારી ઓફિસમાં માહિતી અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે.
- માહિતી મેળવવા અરજી સાદા કાગળ પર અથવા નમુનો ક માં રૂા. ૨૦/– ફી ભરી કરી શકાય છે. જયારે બી.પી.એલ. કાર્ડ ધારકે કોઈ ફી આપવાની હોતી નથી. તેમણે રેશનકાર્ડની નકલ અરજી સાથે જોડવાની હોય છે.
- માંગવામાં આવેલી માહિતી અરજી મળ્યાના ૩૦ દિવસની અંદર માહિતી પૂરી પાડવી જરૂરી છે. ૩૦ દિવસમાં માહિતી / જવાબ ન મળે અથવા માહિતી યોગ્ય / અધુરી હોય તો અપીલ અધિકારીને ૩૦ દિવસની અંદર અરજી કરવી જોઈએ.

## ૬. માહિતી અધિકારના કાયદાનો વ્યક્તિગત અને સામૂહિક યોજનાઓનો લાભ મેળવવા માટે અસરકારક રીતે ઉપયોગ કેવી રીતે કરવો?

માહિતી અધિકારના કાયદાનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવે તો ગરીબ અને વંચિત સમુદાયને સરકારી યોજનાઓનો લાભ સારી રીતે મળી શકે અને તેમના જીવનમાં બદલાવ આવી શકે છે. આ કાયદાનો ઉપયોગ નીચે મુજબ કરી શકાય.

- વિસ્તારમાં વ્યક્તિગત અને સામૂહિક વિકાસ માટેની કઈ કઈ યોજનાઓ મંજૂર થઈ છે અને જે–તે યોજના માટે કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી છે તે અંગેની માહિતી માંગવી જોઈએ.
- મળેલી માહિતીના આધારે વ્યક્તિગત અને સામૂહિક વિકાસ માટેની યોજનાઓનો લાભ લેવા માટે માંગણી કરવી જોઈએ.

# નમુનો – ક

**માહિતી મેળવવા માટેની અરજીનો નમુનો**

પ્રતિ,
જાહેર માહિતી અધિકારી,
(વિભાગ/કચેરી)

૧. અરજદારનું નામ :______________________________

૨. પુરૂં સરનામું :______________________________

______________________________

૩. જરૂરી માહિતીની વિગતો :______________________________

૪. હું આથી જણાવું છું કે, માંગવામાં આવેલી માહિતી, માહિતીના અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૮ અને ૯ હેઠળ માહિતી જાહેર કરવામાંથી મુક્તિ આપેલી હોય તેવા વર્ગ હેઠળ આવરી લીધેલ નથી અને મારી ઉત્તમ જાણ મુજબ તે આપના વિભાગ / કચેરીને લગતી છે.

૫. (૧) મેં વિભાગ / કચેરીમાં તારીખ :__________ ના રોજ પહોંચ ક્રમાંક______ પ્રમાણે રૂા.__________શબ્દોમાં રૂપિયા__________ની ફી ચૂકવેલી છે.

(૨) હું આ સાથે ચૂકવવા પાત્ર ફી પેટે______________અધિકારીની તરફેણમાં બેંકે કાઢી આપેલ તારીખ________________નો ડિમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડરનું બિડાણ કરૂં છું.

(૩) આ અરજી ઉપર રૂા.____________ની નોન જયુડિશિયલ સ્ટેમ્પ ચોંટાડેલ છે.

સ્થળ: ______________________ અરજદારની સહીં:______________

તારીખ: ______________________ ઈમેઈલ એડ્રેસ હોય તો:____________

ટેલીફોન નં:__________________

તા.ક. ગરીબી રેખા હેઠળની વ્યક્તિએ કોઈ પણ પ્રકારની ફી ચૂકવવાની રહેશે નહીં. (લાગુ પડતુ ન હોય તે છેંકી નાંખવું)

# નોંધ

નોંધ

**જનવિકાસ**

સી–૧૦૫, રોયલ ચિન્મય ટાવર,
ન્યુ આઈ.ઓ.સી. પેટ્રોલ પંપ સામે,
પ્લેટીનમ પ્લાઝાની બાજુમાં,
બોડકદેવ, અમદાવાદ – ૩૮૦૦૫૪
ફોન નંબર : ૦૭૯ ૪૦૧૭૬૫૦૦, ૪૦૧૭૬૫૦૧



Design & Print : Satyam Print 098246 83706